<table>
<tr><td rowspan="5">GJBN140000502017</td><td>રજુ તારીખ</td><td colspan="3">૧૯/૦૫/૨૦૧૭</td></tr>
<tr><td>દાખલ તારીખ</td><td colspan="3">૧૯/૦૫/૨૦૧૭</td></tr>
<tr><td>ફેસલ તારીખ</td><td colspan="3">૧૬/૦૭/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમયગાળો</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિન</td></tr>
<tr><td>૦૯</td><td>૦૧</td><td>૨૭</td></tr>
</table>

**ભાવનગરના મહે. ઔધોગિક ન્યાયપંચ સમક્ષ, મુ.ભાવનગર.**

**રેફરન્સ (આઈ.ટી.) નં.૪૪/૨૦૧૭**
**આંક–૫૬**

**પ્રથમ પક્ષકાર... વિભાગીય નિયામકશ્રી,**
ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, એસ.ટી.વિભાગ,
પાનવાડી, મુ.જી.ભાવનગર.

**વિ.**

**બીજા પક્ષકાર... ૧. શ્રમયોગી શ્રી મેહુલગીરી ઉમેશગીરી ગૌસ્વામી**
C/o. એસ.ટી.કર્મચારી મંડળ, તુષારભાઇ કે.ભટ,
પિતૃકૃપા, સાગવાડી, હનુમાનજી મંદીર પાછળ,
કાળીયાબીડ, મુ.જી.ભાવનગર.

**૨. મંત્રીશ્રી, સૌરાષ્ટ્ર શ્રમિક સંઘ**
C/o. પહેલા માળે, ઓમિક કોમ્પલેક્ષ,
પીરછલ્લા રોડ, મુ.જી.ભાવનગર

હાજર રહયા:
પ્રથમ પક્ષકાર તરફે વિ.વકીલ શ્રી એન.એચ.જાડેજા.
બીજા પક્ષકાર નં.૧, ૨ તરફે વિ.યુનિયન પ્રતિનિધિ શ્રી વી.જે.પમનાણી

**વિષય : ઔધોગિક વિવાદ ધારા–૧૯૪૭ અન્વયેના ઔધોગિક વિવાદ (ગુજરાત)નિયમો–૧૯૬૬ ના નિયમ–૧૦(૧) અન્વયે રેફરન્સ...**

## -: એ વો ર્ડ :-

**૧.** હાલનો આ રેફરન્સ નામ.ગુજરાત સરકારશ્રીના શ્રમ આયુકત ગાંધીનગરની કચેરીના તા.૧૦/૦૫/૨૦૧૭ ના હુકમ નં. કે.એચ.એ.એચ. એમ.સી.૪૦૨૧૪/૫/૨/આઇડીઆર/એજે/૧૨૪/૨૦૧૭ થી ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ ની કલમ-૧૦(૧) અન્વયે ન્યાય નિર્ણય કરવા ભાવનગરના ઔધોગિક ન્યાયપંચને નીચે મુજબની પરિશિષ્ટ મુજબ સુપ્રત કરેલ છે.

**૨.** જેની અનુસૂચિ નીચે મુજબ છે.

## -: અ નુ સૂ ચિ :-

**'હાલ ભાવનગર ડેપો ખાતે આર્ટ-સી મીકેનીક તરીકે ફરજ બજાવતા શ્રી મેહુલગીરી ઉમેશગીરી ગૌસ્વામીને તા.૨૪/૧૧/૯૮ ની અસરથી આર્ટ-સી બોડીફીટર તરીકે રેગ્યુલર નિમણુંક આપવી જોઇએ કે કેમ? તેમજ તે કક્ષાના ટાઇમસ્કેલ ઉપર મુકવા જોઇએ કે કેમ? અને તે તારીખથી તેમને તે કક્ષાના ટાઇમસ્કેલ કર્મચારીઓને મળતા પગાર, ભથ્થાં તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઇએ કે કેમ? '**

**૩.** આ કામે સરળતા ખાતર પ્રથમ પક્ષકારને હવે પછી ''પ્રથમ પક્ષકાર સામાવાળા'' તરીકે અને બીજા પક્ષકારને ''અરજદાર સંબંધીત શ્રમયોગી'' તરીકે સંબોધવામાં આવશે.

**૪.** આ કામમાં બીજા પક્ષકાર સંબંધીત શ્રમયોગી તરફે આંક-૧૧ થી માંગણીનું નિવેદન રજુ કરેલ છે જેમાં બીજા પક્ષકારની ટુંકમાં રજુઆત એવી છે કે,બીજા પક્ષકાર સંબંધીત અરજદાર શ્રી મેહુલગીરી ઉમેશગીરી ગોસ્વામી પ્રથમ પક્ષકારને ત્યાં હાલ ભાવનગર ડેપો ખાતે આર્ટ-સી મીકેનીક તરીકે ફરજ બજાવે છે. તેઓ આ કામના પ્રથમ પક્ષકારને ત્યાં તા.૨૨/૧૧/૯૭ ના રોજ આર્ટ-સી બોડી ફીટર (તાલીમાર્થી) તરીકે જોડાએલ હતા. તેઓને આપવામાં આવેલ નિમણુંક પત્રમાં સ્પષ્ટપણે જણાવવામાં આવેલ હતું કે, તેઓને તાલીમાર્થી તરીકે એક વર્ષની મુદત માટે તાલીમ આપવામાં આવશે. આ તાલીમના સમય દરમ્યાન તેમને આર્ટીઝન-સી ની કક્ષામાં સીધી

ભરતીથી નિમણુંક આપી શકાય તે સારૂ તેમની વ્યવસાયિક કસોટી લેવામાં આવશે.જો તેઓ વ્યવસાયિક કસોટીમાં સફળ નહીં થાય તો તેમને બીજા વર્ષ દરમ્યાન તાલીમની કામગીરી માટે ચાલુ રાખવામાં આવશે અને બીજા વર્ષ દરમ્યાન પણ વ્યવસાયિક કસોટી લેવામાં આવશે.આમ, પ્રથમ વર્ષ દરમ્યાન પ્રથમ પક્ષકારે મજકુર કર્મચારીની વ્યવસાયિક કસોટી લેવાની હતી. પરંતુ, પ્રથમ પક્ષકાર તેમાં નિષ્ફળ ગયેલ હતા અને પ્રથમ વર્ષ દરમ્યાન વ્યવસાયિક કસોટી લેવામાં આવેલ ન હતી. તેથી મજકુર કર્મચારીને બીજા વર્ષ માટે તાલિમાર્થી તરીકે કામે ચાલુ રાખવામાં આવેલ હતા. ત્યારબાદ, બીજા વર્ષમાં તા.૨૩/૨/૯૯ ના રોજ મજકુરની વ્યવસાયિક કસોટી લેવામાં આવેલ હતી. જેમાં મજકુર કર્મચારી પ્રથમ પ્રયત્ને જ પાસ થયેલ હોવા છતાં, પ્રથમ પક્ષકારે તેમને આર્ટ–સી બોડી ફીટર તરીકે નિમણુંક આપેલ ન હતી કે જે અંગે નિમણુંક હુકમમાં સ્પષ્ટ શરત કરેલ હતી. ત્યારબાદ, તા.૨૫/૧૧/૨૦૦૦ ના રોજ પણ મજકુર કર્મચારીને આર્ટ–સી બોડી ફીટરમાં નિમણુંક આપવાના બદલે, હેલ્પરની કક્ષામાં નિમણુંક આપવામાં આવેલ હતી.

**૪.૧** ત્યારબાદ, મજકુરે ખાતાકીય પરીક્ષા આપતાં અને મજકુર તેમાં પાસ થતાં મજકુરને તા.૨૩/૧૨/૦૬ ના રોજ પ્રમોશન આપીને આર્ટ–સી મીકેનીક તરીકે મુકવામાં આવેલ છે. જે જગ્યા આર્ટ–સી બોડી ફીટરની સમકક્ષ છે અને મજકુર તે તારીખથી આજ સુધી તે જ જગ્યા ઉપર ફરજ બજાવી રહેલ છે.

**૪.૨** ખરી હકીકતે, મજકુરને આપવામાં આવેલ નિમણુંકની શરત મુજબ પ્રથમ એક વર્ષની અંદર તેમની વ્યવસાયીક કસોટી લઈને પ્રથમ પક્ષકારે તેમને કાયમી કરવાના હતા. તે કસોટી લેવી તે પ્રથમ પક્ષકારની ફરજ હતી. પ્રથમ પક્ષકાર દ્વારા તે કસોટી લેવાની વ્યવસ્થા કરવામાં આવેલ ન હતી તો તે પ્રથમ પક્ષકારની નિષ્ફળતા હતી. તેના કારણે મજકુરને તેનો ભોગ બનાવી ન શકાય. કારણ કે, અરજદારે પરીક્ષા આપવાની ના પાડી હોય કે અરજદાર પરીક્ષા માટે તૈયાર ન હોય તેવું બનેલ ન હતું. પાછળથી પણ પ્રથમ પક્ષકાર દ્વારા તા.૨૩/૨/૯૯ ના રોજ જયારે વ્યવસાયીક કસોટી લેવામાં આવેલ હતી ત્યારે સંબંધીત અરજદાર તેમાં પ્રથમ પ્રયત્ને જ પાસ થયેલ હતા. આમ,

પ્રથમ પક્ષકારની ભુલનો ભોગ અરજદારને બનાવી ન શકાય. તેથી અરજદારને તાલીમાર્થી તરીકેનું એક વર્ષ પૂરૂ થયા તારીખથી એટલે કે, તા.૨૪/૧૧/૯૮ ની અસરથી આર્ટ–સી બોડી ફીટર તરીકે રેગ્યુલર નિમણુંક આપવાની મંડળની માંગણી છે.જે બીલકુલ વ્યાજબી, ન્યાયી અને કાયદેસરની છે.

**૪.૩** અરજદાર સંબંધીત કામદાર સાથે આર્ટ–સી મીકેનીકમાં ફરજમાં દાખલ થયેલ તાલીમાર્થીઓ પાસેથી પ્રથમ પક્ષકારે એક વર્ષની અંદર જ વ્યવસાયિક પરીક્ષા લઈ રેગ્યુલર કરવામાં આવેલ હતા. જેના કારણે તેઓ અત્યાર સુધીમાં બે–બે, ત્રણ–ત્રણ પ્રમોશન લઈ હેડ મીકેનીક અને AWS ના હોદ્દા સુધી પહોંચી ગયેલ છે. અરજદારને યોગ્ય સમયે નિમણુંક ન આપતાં તેમને આ પ્રમોશનનો તથા આર્થિક રીતે બીજા પણ અનેક નુકશાન ગયેલ છે.

**૪.૪** આ જ રીતે અરજદારની સાથે જ આર્ટ–સી બોડી ફીટર તરીકે અન્ય વિભાગોમાં તાલીમાર્થી તરીકે જોડાયેલા ઉમેદવારોને પણ પ્રથમ પક્ષકારે યોગ્ય સમયે વ્યવસાયિક પરીક્ષા લઈને રેગ્યુલર કરેલ હતા તથા કેટલાક ડીવીઝનમાં કોર્ટના આદેશના કારણે આર્ટ–સી બોડી ફીટર તરીકે રેગ્યુલર નિમણુંક આપવામાં આવેલ. ઉપરોકત તમામ કર્મચારીઓ પણ હાલમાં હેડ મીકેનીક અને AWS કક્ષા સુધી પહોંચી ગયેલ છે. જયારે અરજદારના કોઈ પણ જાતના વાંક, ગુના કે કસુર વગર તેઓ હાલમાં પણ તેમની મુળ જગ્યાની સમકક્ષ જગ્યા ઉપર ફરજ બજાવી રહેલ છે. જે ગેરવ્યાજબી, અન્યાયી અને ગેરકાયદેસર છે.

**૪.૫** ઉપરોકત તમામ હકીકતે મંડળની માંગણી ઘણી જ વ્યાજબી, ન્યાયી અને કાયદેસરની હોઈને તેનો સ્વીકાર થવો જ જોઈએ. અને હાલ ભાવનગર ડેપો ખાતે આર્ટ–સી મીકેનીક તરીકે ફરજ બજવતા શ્રી મેહુલગીરી ઉમેશગીરી ગૌસ્વામીને તા.૨૪/૧૧/૯૮ ની અસરથી આર્ટ–સી બોડી ફીટર તરીકે રેગ્યુલર નીમણુંક આપી, તે કક્ષાના ટાઈમ સ્કેલ ઉપર મુકવા અને તે તારીખથી તેમને તે કક્ષાના ટાઈમસ્કેલ કર્મચારીઓને મળતાં પગાર ભથ્થા તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહિત ચુકવી આપવા આ કામના પ્રથમ પક્ષકારને હુકમ ફરમાવવા અરજ કરેલ છે. આ કામમાં ખર્ચના રૂા.૫,૦૦૦

અપાવવા અરજ કરેલ છે. આ કામને લગતી અને મળી શકતી અન્ય દાદ કે દાદો અપાવવા અરજ કરેલ છે.

**૫.** આ કામમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક–૨૬ થી તેમનો જવાબ રજુ કરેલ છે. જેની ટુંકમાં એવી રજુઆત એવી છે કે, અમો પ્રથમ પક્ષકાર સામાવાળા દ્વારા અરજદારની જે જે બાબતોનો સ્પષ્ટપણે સ્વીકર કરેલ ન હોય તેને ઈન્કારી ગણવા અરજ કરેલ છે. અરજદારે કરેલ માંગણી નિવેદનના પેરા ૧ થી ૬ માં કરેલ કથનો સત્ય અને ખરા નથી. તમામની અમારી ઈન્કારી છે. અરજદારે કરેલ કથનો પુરાવાથી પુરવાર કરવા અરજદારને હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

**૫.૨** બીજા પક્ષકાર સંબંધીત અરજદારે નિગમના નિતી–નિયમો અનુસાર આર્ટ–સી બોડીફીટર તાલીમાર્થી તરીકેની જગ્યા ઉપર અરજી કરવામાં આવેલ. જે નિગમના નિતી–નિયમોને આધીન અરજી કરવામાં આવેલ. જે અન્વયે તેઓને પત્ર નં.૧૧૮૦૨/૯૭ તા.૧૭/૧૦/૧૯૯૭ થી ભાવનગર વિભાગના ભાવનગર ડેપો ખાતે આર્ટ–સી બોડીફીટર તાલીમાર્થી તરીકે પત્રમાં દર્શાવેલ શરતોને આધીન ફરજ પર હાજર થવા જાણ કરવામાં આવેલ હતી.

**૫.૩** બીજા પક્ષકાર સંબંધીત અરજદાર કે જેઓને પત્ર નં.૧૧૮૦૨/૯૭, તા.૧૭/૧૦/૧૯૯૭ માં દર્શાવેલ મુદ્દા નં.૫ માં સ્પષ્ટપણે જણાવેલ કે, તાલીમાર્થી તરીકે પ્રથમ વર્ષ દરમ્યાન ઉપરોક્ત ટ્રેડ માટે કે તાલીમ આપવામાં આવશે તેમજ આ વર્ષ દરમ્યાનની તેઓની અર્થપૂર્ણ હાજરી ધ્યાને લઈને આર્ટ–સી કક્ષામાં સીધી ભરતીથી નિમણુંક આપી શકાય તે માટે કાયમી આર્ટ–સી કક્ષામાં જગ્યાઓની ઉપલબ્ધના સંદર્ભમાં ખાલી જગ્યાઓ સામે રેગ્યુલર આર્ટ–સી ટ્રેડમાં વ્યવસાયિક કસોટી લેવામાં આવશે. જો જગ્યા ઉપલબ્ધ ન હોય તો બીજા વર્ષે તેમજ ત્રીજા વર્ષે આમ વ્યવસાયિક કસોટી લીધા બાદ જગ્યાની ઉપલબ્ધીના સંદર્ભમાં નિમણુંક આપવામાં આવશે.

**૫.૪** મુદ્દા નં.૬ તેમજ નં.૭ ના આધારે જો આર્ટ–સી કક્ષામાં જગ્યા ખાલી ન હોય તો નિગમ દ્વારા હેલ્પરની કક્ષામાં ખાલી જગ્યાના પ્રમાણમાં ખાલી જગ્યા સામે નિમણુંક આપવામાં આવશે. આમ, અરજદારને વિભાગીય

મહેકમી હુકમ નં.૯૯/૯૭, તા.૧૨/૧૧/૧૯૯૭ થી વિભાગ ખાતે તા.૨૬/૦૫/૧૯૯૭ ના રોજ યોજાયેલ વિભાગીય પસંદગી સમિતિની બેઠકમાં આર્ટ–સી (તાલીમાર્થી) ની જગ્યામાં નિમણુંક માટે પસંદ કરી તેઓને તા.૨૩/૧૦/૧૯૯૭ ના રોજથી ભાવનગર ડેપો ખાતે હુકમની શરતોને આધીન નિમણુંક આપવામાં આવેલ.

**૫.૫** અરજદારને વિભાગીય મહેકમી હુકમ નં.૧૩૧/૨૦૦૦ તા.૨૫/૧૧/૨૦૦૦ થી વિભાગ ખાતે અગાઉ આર્ટ–સી બોડીફીટર (તાલીમાર્થી) ના ટ્રેડ ટેસ્ટમાં પાસ થયેલ ઉમેદવારોને આર્ટ–સી બોડીફીટરની જગ્યાના અભાવે કાયમી કરી શકાયેલ નથી. જેથી આવા ઉમેદવારોને અત્રેના વિભાગ ખાતે હેલ્પર કક્ષાની મંજુરીના સંદર્ભમાં ખાલી જગ્યાઓને ધ્યાનમાં લઇ હેલ્પર કક્ષામાં હુકમમાં દર્શાવેલ શરતોને આધીન નિમણુંક આપવામાં આવેલ. જે અન્વયે તેઓ દ્વારા તા.૨૭/૧૧/૨૦૦૦ ના રોજ ભાવનગર ડેપો ખાતે હેલ્પર તરીકે હાજર થયેલ.

**૫.૬** અરજદાર દ્વારા તા.૧૮/૦૩/૨૦૦૫ ના રોજ અરજી કરી રજૂઆત કરવામાં આવેલ. જેમાં ભાવનગર વિભાગ ખાતે આર્ટ–સી બોડીફીટરની કક્ષામાં નિમણુંક સમયે જગ્યા ખાલી ન હોવાથી તેઓની સંમતિથી હેલ્પર કક્ષામાં કામચલાઉ ધોરણે નિમણુંક આપેલ. આર્ટ–સી બોડીફીટરની જગ્યામાં ખાલી ન હોવાથી તેઓને વિભાગની આર્ટ–સી મીકેનીક કક્ષામાં ખાલી જગ્યા પર નિમણુંક આપવા સ્વીકાર કરી અને આર્ટ–સી બોડીફીટરની તેઓની અસલ પસંદગી સામે તેઓ કોઈ હક્ક દાવો કાયમી ધોરણે સ્વેચ્છાએ જતો કરવા સંમત થયેલ અને તેઓની સંમતિ મુજબ વિભાગીય મહેકમી હુકમ નં.૨૫/૦૬, તા.૨૮/૦૨/૨૦૦૬ થી આર્ટ–સી મીકેનીક કક્ષામાં ત્રણ માસની મુદ્દત માટે સ્થાનિક હંગામી બઢતી આપવામાં આવેલ.

**૫.૭** હકીકત ઉપર મુજબ હોય બીજા પક્ષકાર અરજદારે આ કામમાં જે જગ્યા ઉપર કાયમી નિમણુંક આપવાની જે માંગણી કરેલ છે. તે અરજદારે પોતાની લેખિત સંમતિથી જતી કરેલ છે અને ત્યારબાદ કોઈ અવાંતર હેતુથી આ કેસ કર્યાનું જણાઈ આવે છે. આમ, બીજા પક્ષકાર અરજદારની માંગણી (રેફરન્સ) ગેરકાયદેસરની અને ગેરવ્યાજબી હોય માંગણા નિવેદનના પેરા

નં.૬ થી માંગેલ દાદ ગેરકાયદેસરની હોય માંગેલ દાદ ખર્ચ સહીત રદ કરી અરજદારનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

**૬.** આ કામે આંક–૧૦ થી આ કામના બીજા પક્ષકાર સૌરાષ્ટ્ર શ્રમિક સંઘના સભ્ય હોય અને સંઘનું હિત સમાયેલ હોય તેથી આ કામમાં બીજા પક્ષકાર નં.૨ તરીકે જોડવા અરજી રજુ થતાં જે લગત હુકમ કરી આ કામે બીજા પક્ષકાર નં.૨ તરીકે સૌરાષ્ટ્ર શ્રમિક સંઘને જોડવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૭.** આ અદાલત દ્વારા આ કામ પક્ષકાર તરફે પુરાવાઓ રજુ કરવા માટે રાખવામાં આવતા બીજા પક્ષકાર સંબંધીત અરજદાર શ્રમયોગી મેહુલગીરી ઉમેશગીરી ગોસ્વામી નાઓએ આંક–૨૮ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે. જે લગત પ્રથમ પક્ષકારના વિ.વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે.

બીજા પક્ષકાર તરફે આંક–૨૭ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

**–: દસ્તાવેજી પુરાવાઓ :–**

| નિશાની | આંક | વિગત | તારીખ |
|---|---|---|---|
| ૨૭/૧ | ૩૮ | ગુજરાત સમાચાર ન્યુઝપેપરમાં આવેલ જાહેરાતની નકલ. | ૨૯/૭/૯૬ |
| ૨૭/૨ | ૪૦ | અરજદારને મોકલવામાં આવેલ કોલ લેટરની નકલ. | ૧૭/૫/૯૭ |
| ૨૭/૩ | ૪૧ | અરજદારને શારીરિક તપાસ માટે હુકમની નકલ. | ૭/૧૦/૯૭ |
| ૨૭/૪ | ૪૨ | અરજદારને તાલીમાર્થી તરીકે નિમણુંક આપતો હુકમની નકલ. | ૧૭/૧૦/૯૭ |
| ૨૭/૫ | ૪૩ | અરજદારને આપવામાં આવેલ આઇ કાર્ડની નકલ. | ––– |
| ૨૭/૬ | ૪૪ | પ્રથમ પક્ષકારના હુકમની નકલ. | ૯/૯/૯૯ |
| ૨૭/૭ | ૪૫ | અરજદારની બોડીફીટર તરીકેની ટ્રેડ ટેસ્ટના હુકમની નકલ. | ૨૩/૨/૯૯ |
| ૨૭/૮ | ૪૬ | અરજદારને હેલ્પર તરીકે નિમણુંક આપતો હુકમની નકલ. | ૨૫/૧૧/૨૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૭/૯ | ૪૭ | અરજદારને આર્ટ–સી મીકેનીકની જગ્યાએ હંગામી બઢતીના હુકમની નકલ. | ૨૮/૦૨/૦૬ |
| ૨૭/૧૦ | ૪૮ | અરજદારને આર્ટ–સી મીકેનીકની ખાતાકીય પરીક્ષામાં બેસવાની મંજુરી પત્રની નકલ. | ૨૯/૦૯/૦૬ |
| ૨૭/૧૧ | ૪૯ | અરજદારે ખાતાકીય પરીક્ષા પાસ કરેલ તેના પરિણામની નકલ. | ૩૦/૧૦/૦૬ |
| ૨૭/૧૨ | ૫૦ | અરજદારને આર્ટ–સી મીકેનીકની જગ્યાએ આપવામાં આવેલ બઢતીનો હુકમની નકલ. | ૨૯/૧૧/૦૬ |
| ૨૭/૧૩ | ૫૧ | અરજદારની મહુવા બદલીના હુકમની નકલ. | ૨૦/૧૨/૦૬ |
| ૨૭/૧૪ | ૫૨ | ભાવનગર કેન્દ્ર ખાતેથી અરજદારને મુકત કર્યાનો આદેશની નકલ. | ૨૨/૧૨/૦૬ |
| ૨૭/૧૫ | ૫૩ | મહુવા કેન્દ્ર ખાતે આપેલ હાજર રીપોર્ટની નકલ. | ૨૩/૧૨/૦૬ |
| ૨૭/૧૬ | ૫૪ | ભાવનગર ખાતે બદલીના હુકમની નકલ. | ૧૨/૫/૧૧ |
| ૨૭/૧૭ | ૩૯ | પ્રથમ પક્ષકારનો વિભાગીય મહેકમી હુકમની નકલ. | ૦૮/૦૭/૧૦ |

ત્યારબાદ, બીજા પક્ષકારના વિ.યુનિયન પ્રતિનિધિ તરફથી આંક–૩૪ ની પુરસીસ આપી તેઓ કોઇ વિશેષ મૌખિક પુરાવો આપવા માંગતા ન હોય પુરસીસથી તેઓનો મૌખિક પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

૮. ત્યારબાદ, આ કામ પ્રથમ પક્ષકાર સંસ્થાના પુરાવા માટે રાખતા પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે સાહેદ અંસારી સાજીદખાન મહમદખાન દ્વારા આંક–૩૫ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે. જે લગત બીજા પક્ષકારના યુનિયન પ્રતિનિધિ દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે.

પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૪ તથા આંક–૩૦ ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**–: દસ્તાવેજી પુરાવાઓ :–**

| નિશાની | આંક | વિગત | તારીખ |
|---|---|---|---|
| ૨૪/૧ | – | નિગમનું છેલ્લુ સેટલમેન્ટ નંબર–૦૯ ની કલમ–૨૦ દર્શાવતું પત્રક. | ––– |

| | | | |
|---|---|---|---|
| ૩૦/૧ | ૩૧ | સામાન્ય સ્થાયી હુકમ ક્રમાંક ૧૦૯૬/૨૦૦૦ ની ખરી નકલ. | ૬/૧૧/૨૦૦૦ |
| ૩૦/૨ | ૩૨ | બીજા પક્ષકાર કામદારે વિભાગીય નિયામક ભાવનગરને કરેલ રજુઆતની ખરી નકલ. | ૧૮/૩/૦૫ |
| ૩૦/૩ | ૩૩ | ડેપો મેનેજર ભાવનગરે વિભાગીય નિયામકશ્રીને લખેલ પત્રની ખરી નકલ. | ૧૮/૩/૦૫ |

ત્યારબાદ, પ્રથમ પક્ષકારના વિ.વકીલશ્રી તરફથી આંક-૫૫ થી પુરસીસ રજુ કરી તેઓ કોઇ વિશેષ મૌખિક પુરાવો આપવા માંગતા ન હોય પુરસીસથી તેઓનો મૌખિક પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

૯. ત્યારબાદ, અદાલત દ્વારા આ કામ બંન્ને પક્ષકારોની દલીલો માટે રાખતા આ કામે બીજા પક્ષકાર સંબંધીત શ્રમયોગીના વિદ્વાન પ્રતિનિધિ શ્રી વી.જે.પમનાણી દ્વારા દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના શ્રમયોગી અરજદારની માંગણી આંક-૨ ની અનુસૂચિ મુજબ ભાવનગર ડેપો ખાતે આર્ટ-સી મીકેનીક તરીકે ફરજ બજાવતા શ્રી મેહુલગીરી ઉમેશગીરી ગૌસ્વામીને તા.૨૪/૧૧/૯૮ ની અસરથી આર્ટ-સી બોડીફીટર તરીકે રેગ્યુલર નિમણુંક આપવી જોઇએ કે કેમ? તેમજ તે કક્ષાના ટાઇમસ્કેલ ઉપર મુકવા જોઇએ કે કેમ? અને તે તારીખથી તેમને તે કક્ષાના ટાઇમસ્કેલ કર્મચારીઓને મળતા પગાર, ભથ્થાં તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઇએ કે કેમ? તે બાબતનો હાલનો રેફરન્સ અત્રેના ન્યાયપંચ સમક્ષ ઉપસ્થિત કરેલ છે.આ કામે બીજા પક્ષકાર અરજદાર દ્વારા આંક-૧૧ થી માંગણીનું નિવેદન રજુ કરેલ છે. જેનો અગાઉ આંક-૮ થી પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા લેખિત જવાબ રજુ કરેલ છે. આ જવાબ શરતચુકથી બીજા અન્ય કેસનો રજુ કરેલ હોય તે ડીસ્કાર્ડ કરી આંક-૨૬ થી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે ફરીથી લેખિત જવાબ રજુ કરેલ છે. વધુમાં વિ.યુનિયન પ્રતિનિધિ શ્રી પમનાણી દ્વારા દલીલ કરી જણાવેલ છે કે, પ્રથમ પક્ષકારને ત્યાં બીજા પક્ષકાર સંબંધીત અરજદાર તા.૨૨/૧૧/૯૭ ના રોજ આર્ટ-સી બોડીફીટર (તાલીમાર્થી) તરીકે જોડાએલ હતા. ત્યારબાદ, તા.૨૩/૨/૯૯ ના રોજ અરજદારની વ્યવસાયિક કસોટી લેવામાં આવેલ હતી. જેમાં અરજદાર પ્રથમ પ્રયત્ને જ પાસ થયેલ હોવા છતાં, પ્રથમ પક્ષકારે

તેમને આર્ટ–સી બોડીફીટર તરીકે નિમણુંક આપેલ ન હતી. ત્યારબાદ, તા.૨૫/૧૧/૨૦૦૦ ના રોજ પણ મજકુર કર્મચારીને આર્ટ–સી બોડીફીટરમાં નિમણુંક આપવાના બદલે હેલ્પરની કક્ષામાં નિમણુંક આપવામાં આવેલ હતી. ત્યારબાદ, બીજા પક્ષકાર સંબંધીત અરજદારને તા.૨૩/૧૧/૦૬ ના રોજ પ્રમોશન આપી આર્ટ–સી મીકેનીક તરીકે નિમણુંક આપવામાં આવેલ. આજરોજ પણ અરજદાર આ પોસ્ટ ઉપર ફરજ બજાવે છે. પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા પ્રથમ વર્ષ પુરૂ થયા છતાં અરજદારની વ્યવસાયિક કસોટી લેવામાં નિષ્ફળ ગયેલ. એટલે કે, ૧ વર્ષ પુરૂ થયા તારીખથી પ્રમોશન આપવા માંગણી છે. આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી આંક–૨૬ થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં સંસ્થા દ્વારા જણાવેલ છે કે, ખાલી જગ્યા ઉપલબ્ધ હશે તો વ્યવસાયિક કસોટી લેવામાં આવશે. પરંતુ, નિમણુંક હુકમમાં આવી કોઇ જોગવાઇ નથી. વધુમાં વિ.યુનિયન પ્રતિનિધિ શ્રી પમનાણી દ્વારા દલીલ કરી જણાવેલ છે કે, હાલના રેફરન્સ કેસમાં અરજદારની વ્યવસાયિક કસોટી લેવાની જવાબદારી સંસ્થાની હતી. પરંતુ, સંસ્થાએ વ્યવસાયિક કસોટી લીધી નથી તેમજ અરજદારે કસોટી લેવાની ના પાડી નથી કે તે કસોટી માટે તૈયાર નથી તેવી રજુઆત કરેલ ન હતી. આમ, સીલેકશન પ્રોસેસ ફોલો કરવાની જવાબદારી સંસ્થાની હોય છે, કામદારનો કોઇ વાંક ગુનો નથી અને આ હકીકત નામ.ગુજરાત હાઇકોર્ટ દ્વારા તેમના ચુકાદામાં સ્પષ્ટપણે પ્રસ્થાપિત કરેલ છે. આ કામના બીજા પક્ષકાર સંબંધીત અરજદારને જગ્યા ખાલી ન હોય તેથી હેલ્પર તરીકે નિમણુંક આપવામાં આવેલ હતી અને નિમણુંક હુકમમાં આ કારણ દર્શાવેલ છે.ત્યારબાદ, તા.૨૮/૨/૦૬ થી અરજદારને આર્ટ–સી મીકેનીક તરીકે ૩ માસ માટે હંગામી બઢતી આપવામાં આવેલ. આ કામે આંક–૩૨ થી બીજા પક્ષકાર કામદારે વિભાગીય નિયામક ભાવનગરને લખેલ પત્ર રજુ છે. જે પત્રમાં અરજદારે આર્ટ–સી મીકેનીકની પોસ્ટ ઉપર નિમણુંક આપવામાં આવે તો આર્ટ–સી બોડીફીટરની અસલ પસંદગી સામેનો હકક દાવો કાયમી ધોરણે જતો કરવા તૈયાર છે તેવી રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ, માત્ર ૩ માસ માટે હંગામી ધોરણે આર્ટ–સી મીકેનીકની પોસ્ટ ઉપર નિમણુંક આપવામાં આવે તેટલા

માત્રથી કાયમી ધોરણે હકક દાવો જતો કરાય નહી. આ કામના બીજા પક્ષકાર અરજદારને ૩ માસ માટે આર્ટ–સી મીકેનીક તરીકે નિમણુંક આપવામાં આવેલ એટલે કે, જગ્યા ખાલી હતી. વિ.યુનિયન પ્રતિનિધિ શ્રી પમનાણી દ્બારા વધુમા દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે આંક–૪૮ થી આર્ટ–સી મીકેનીકની બઢતી માટે ખાતાકીય પરીક્ષામાં બેસવા લાયક ઉમેદવારોના લીસ્ટમાં હાલના અરજદારનું નામ ક્રમ નંબર ૧ ઉપર દર્શાવેલુ છે. આ કામે આંક–૪૯ થી આર્ટ–સી મીકેનીકની બઢતી માટે ખાતાકીય પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોના લીસ્ટમાં હાલના અરજદારનું નામ ક્રમ નંબર ૧ ઉપર દર્શાવેલુ છે. આ કામે આંક–૩૧ થી સામાન્ય સ્થાયી હુકમ ક્રમાંક ૧૦૯૬–૨૦૦૦ રજુ છે. આ હુકમની શરત નં.૧ ઉપર યુનિયન પ્રતિનિધિ શ્રી પમનાણીએ ધ્યાન દોરી વંચાણે લેવા વિનંતી કરેલ છે. જેમાં જણાવેલ છે કે, આર્ટ–સી (તાલીમાર્થી) ના જુદા જુદા ટ્રેડમાં પાસ થયેલા પરંતુ, આર્ટ–સી ના જે ને ટ્રેડની સીધી ભરતીની ખાલી જગ્યાના અભાવે કાયમી ન થઇ શકેલ તમામ ઉમેદવારોને હેલ્પરની કક્ષામાં કાયમી કરવાના રહેશે અને આર્ટ–સી ના જે તે ટ્રેડમાં સીધી ભરતીની જગ્યાઓ ઉપલબ્ધ બને તેમ ક્રમાનુસાર નિમણુંકો આપવાની રહેશે. વળી, હાલના રેફરન્સ કેસ પ્રકારના કેસ નામ.નડીયાદ ટ્રીબ્યુનલમાં દાખલ થયેલ હતા. જે સંબંધે આ કામે આંક–૩૯ થી પ્રથમ પક્ષકાર સંસ્થાનો હુકમ રજુ થયેલ છે. જે હુકમ વંચાણે લેતા તેમાં જણાવવામાં આવેલ છે કે, સંબંધીત કામદારને પાછલી અસરથી આર્ટ–'સી' ની કક્ષામાં મુકવાનો હુકમ કરેલ છે. વધુમાં યુનિયન પ્રતિનિધિ શ્રી પમનાણીએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામે પ્રથમ પક્ષકાર સામાવાળા સંસ્થાના સાહેદ અંસારી સાજીદખાન મહમદખાન તરફથી આંક–૩૫ થી સરતપાસનું પુરાવારૂપી સોગંદનામું રજુ થયેલ છે અને આ સાહેદની વિગતવારની ઉલટતપાસ પણ કરવામાં આવેલ છે. આમ, ઉપરોકત કરેલી દલીલોને ગ્રાહય રાખી બીજા પક્ષકાર સંબંધીત અરજદારે આંક–૨ ની અનુસૂચિમાં માંગણી કર્યા મુજબની દાદ મંજુર કરવા નમ્ર અરજ કરેલ છે.

બીજા પક્ષકાર તરફે વિ. યુનિયન પ્રતિનિધિ શ્રી વી.જે.પમનાણી દ્બારા તેમની રજુઆતના સમર્થનમાં નીચે મુજબનો ચુકાદો રજુ રાખેલ છે.

1. Mehulkumar Ramanlal Katpara v/s State of Gujarat (SCA No.8693 of 2022 High Court of Gujarat).

**૧૦.** ત્યારબાદ, આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે વિ.વકીલ શ્રી એન.એચ.જાડેજા દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે બીજા પક્ષકાર તરફથી આંક–૧૧ થી માંગણી નિવેદન રજુ કરેલ છે અને તેમાં અનુસૂચિ મુજબની દાદ માંગેલ છે કે, તા.૨૪/૧૧/૯૮ ની અસરથી આર્ટ–'સી' બોડીફીટર તરીકે રેગ્યુલર નિમણુંક આપી તેમજ તે કક્ષાના ટાઈમસ્કેલ ઉપર મુકી અને તે તારીખથી અરજદારને તે કક્ષાના ટાઈમસ્કેલ કર્મચારીઓને મળતા પગાર, ભથ્થાં તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા બાબતનો હાલનો રેફરન્સ ઉપસ્થિત કરેલ છે. આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૨૬ થી લેખિત જવાબ રજુ કરેલ છે. આ કામના બીજા પક્ષકાર સંબંધીત અરજદાર બોડીફીટર તાલીમાર્થી તરીકે પ્રથમ પક્ષકાર સંસ્થામાં નિમણુંક પામેલ. ત્યારબાદ, અરજદાર દ્વારા આર્ટ–સી બોડીફીટરની વ્યવસાયિક કસોટી પાસ કરવામાં આવેલ. પરંતુ, જે તે વખતે આર્ટ–સી બોડીફીટરની જગ્યા ખાલી ન હોય અરજદારને હેલ્પરની કક્ષામાં નિમણુંક આપવામાં આવેલ. આ કામે આંક–૩૫ થી પ્રથમ પક્ષકાર સંસ્થાના સાહેદનો પુરાવો રજુ થયેલ છે. વિ.વ.શ્રી એન.એચ.જાડેજા દ્વારા વધુમાં દલીલ કરવામાં આવેલ છે કે, હાલનો રેફરન્સ બીજા પક્ષકાર સંબંધીત અરજદાર દ્વારા સને–૨૦૦૦ પછી સને–૨૦૧૭ માં દાખલ કરેલ છે. આમ, અરજદારે ૧૭ વર્ષ પછી માંગણી રજુ કરેલ છે. આ કામે આંક–૩૨ થી બીજા પક્ષકાર સંબંધીત અરજદાર દ્વારા પ્રથમ પક્ષકાર સંસ્થાના વિભાગીય નિયામકશ્રી એસ.ટી. ભાવનગરને લખેલ પત્ર રજુ થયેલ છે. જે પત્રની હકીકત વંચાણે લેવામાં આવે તો તેમાં સ્પષ્ટપણે અરજદારે જણાવેલ છે કે, ''આર્ટ–'સી' બોડીફીટરની મારી અસલ પસંદગી સામે મારો હકક, દાવો કાયમી ધોરણે સ્વેચ્છાએ જતો કરવા તૈયાર છુ''. આમ, તા.૧૮/૦૩/૨૦૦૫ ના રોજના અરજદાર દ્વારા વિભાગીય નિયામકશ્રી એસ.ટી. ભાવનગરને લખેલ ઉપરોકત પત્રમાં અરજદારે પોતાનો આર્ટ–'સી' બોડીફીટરની અસલ પસંદગી સામેનો હકક, દાવો કાયમી ધોરણે તેમની

સ્વેચ્છાએ જતો કરવા તૈયાર છે તેવુ જણાવી હાલનો રેફરન્સ ખોટી રીતે દાખલ કરેલ છે. વધુમાં વિ.વ.શ્રી એન.એચ.જાડેજા દ્વારા દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે આંક–૩૫ થી પ્રથમ પક્ષકાર સંસ્થાના સાહેદ તરફે સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે અને તે લગત થયેલ ઉલટતપાસમાં સાહેદ દ્વારા 'એ વાત ખરી છે કે આર્ટ–'સી' ટ્રેડમાં કામ કરતાં તમામ કામદારોનો પગાર સરખો હોય છે' તેવી હકીકત જણાવેલ છે. આથી, આ કામના બીજા પક્ષકાર સંબંધીત અરજદારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૨૮/૨/૨૦૦૬ ના હુકમથી ૩ માસ માટે હંગામી આર્ટ–'સી' મીકેનીક તરીકે નિમણુંક આપેલ હોય, અરજદારને કોઈ આર્થિક નુકસાન થયેલ નથી. ત્યારબાદ, ફરી બીજી વખત અરજદારે બઢતી પરીક્ષા પાસ કરેલ અને પ્રથમ ક્રમાંક સાથે ઉતીર્ણ થયેલ. જેથી અરજદારને તા.૨૯/૧૧/૨૦૦૬ ના રોજ આર્ટ–'સી' મીકેનીક તરીકે નિમણુંક હુકમ આપવામાં આવેલ. આમ, અરજદાર દ્વારા આર્ટ–સી બોડીફીટરની જગ્યા ઉપરની માંગણીનો હકક દાવો અરજદારે જાતે તેમની સ્વેચ્છાએ જતો (વેવ) કરેલ છે તેમજ અરજદારે ૧૭ વર્ષ ઉપરાંતના સમય બાદ હાલનો રેફરન્સનો દાખલ કરેલ છે તેના વિલંબ માટે પણ કોઈ વ્યાજબી અને ન્યાયી કારણ જણાવેલ નથી. આથી, વિલંબના મુદ્દા ઉપર પણ અરજદારનો રેફરન્સ મંજુર કરી શકાય તેમ નથી. જેથી ઉપરોકત દલીલોને લક્ષમાં લઈ અરજદારે અનુસૂચિ મુજબની માંગેલ દાદ મળવાપાત્ર થતી ન હોય, અરજદારનો હાલનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

પ્રથમ પક્ષકારના વિ.વકીલશ્રી દ્વારા તેમની રજુઆતના સમર્થનમાં આંક–૯ અને આંક–૧૨ ના લીસ્ટથી નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલ છે.

1. Divisional Controller vs Dharmendrasinh Balbhadrasinh Waghela (SCA No.10977 of 2014 High Court of Gujarat).
2. Gujarat State Road Transport Corporation vs Maheshbhai Navalshankar Pandya (SCA No.11717 of 2014 High Court of Gujarat).
3. Paresh Harilal Mandlik vs Divisional Controller & 1 Anr. (LPA No.322 of 2016 High Court of Gujarat).

4. Ghanshyamsinh Pratapsinh Parmar vs Divisional Controller (LPA No.1185 of 2014 High Court of Gujarat).
5. Gujarat State Road Transport ... vs Prabhatsinh Kalyansinh Solanki & Ors. (SCA No.1312 of 2017 High Court of Gujarat).
6. Prakashbhai Ishwarlal Dave vs Divisional Controller & 1 Anr. (LPA No.1344 of 2017 High Court of Gujarat).
7. Gujarat State Road Transport Corporation vs Kaushik Harshadrai Upadhyay & 1 Anr. (SCA No.1761 of 2017 High Court of Gujarat)

આ કામે બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલોની ચર્ચા હું જરૂર પડયે મારા તારણોમાં કરીશ.

**૧૧.** આ કામમાં રજુ થયેલ રેકર્ડની હકીકતો તથા પક્ષકારો તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ આ રેફરન્સ અરજીનો ન્યાયીક નિર્ણય કરવા સારૂ મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રીએ આંક–૧૩ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

**મુદ્દા નં.૧:** શું અરજદાર યુનિયન પુરવાર કરે છે કે,હાલ ભાવનગર ડેપો ખાતે આર્ટ–સી મીકેનીક તરીકે ફરજ બજાવતા શ્રી મેહુલગીરી ઉમેશગીરી ગૌસ્વામીને તા.૨૪/૧૧/૯૮ની અસરથી આર્ટ–સી બોડીફીટર તરીકે રેગ્યુલર નિમણુંક આપવી જોઈએ કે કેમ? તેમજ તે કક્ષાના ટાઈમસ્કેલ ઉપર મુકવા જોઈએ કે કેમ? અને તે તારીખથી તેમને તે કક્ષાના ટાઈમસ્કેલ કર્મચારીઓને મળતા પગાર, ભથ્થાં તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઈએ?

**મુદ્દા નં.૨:** શું સામાવાળા સંસ્થા પુરવાર કરે છે કે, આ ઔદ્યોગિક વિવાદને સમયમર્યાદાનો બાધ નડે છે?

**મુદ્દા નં.૩:** શું હુકમ?

ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

**જવાબ:– મુદ્દા નં.૧: નકારમાં,**

**મુદ્દા નં.૨: હકારમાં,**

**મુદ્દા નં.૩: આખરી હુકમ મુજબ.**

**તારણો:–**

**મુદ્દા નં.૧:–**

**૧૨.** આ કામના અરજદાર દ્વારા હાલની રેફરન્સ અરજીમાં તા.૨૪/૧૧/૯૮ ની અસરથી આર્ટ–સી બોડીફીટર તરીકે રેગ્યુલર નિમણુંક આપવા તેમજ તે કક્ષાના ટાઇમસ્કેલ ઉપર મુકી ટાઇમસ્કેલ કર્મચારીઓના મળતા પગાર, ભથ્થાં તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવાની માંગણી કરવામાં આવેલ છે.આ કામના અરજદાર મેહુલગીરી ઉમેશગીરી ગૌસ્વામી પ્રથમ પક્ષકારને ત્યાં તા.૨૨/૧૧/૯૭ ના રોજ આર્ટ–સી બોડીફીટર (તાલીમાર્થી) તરીકે જોડાયેલ હતા અને તેઓને ૧ વર્ષની તાલીમ આપવામાં આવશે તેવી હકીકત તેમને આપવામાં આવેલ નિમણુંકપત્રમાં સ્પષ્ટપણે જણાવેલ હતુ તેવી વિગત જણાવવામાં આવેલ છે. અરજદારની આ ઉપરોકત વિગતની સાથે અરજદાર તરફથી આંક–૨૭ ના દસ્તાવેજી લીસ્ટથી રજુ રાખવામાં આવેલ દસ્તાવેજો ધ્યાનમાં લેતા આંક–૩૮ થી પ્રથમ પક્ષકાર દ્વારા આર્ટ–સી (તાલીમાર્થી) ટ્રેઇનીની ભરતી કરવા માટેની જાહેરાત વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ તેની નકલ રજુ થયેલ છે.આંક–૪૦ થી આ કામના અરજદારને આર્ટ–સી મીકેનીક (તાલિમાર્થી)ના ઇન્ટરવ્યુ માટે હાજર રહેવાની જાણ કરતો તા.૧૭/૫/૯૭ ના રોજ પત્ર રજુ થયેલ છે.આંક–૪૧ થી અરજદારની આર્ટ–સી બોડીફીટર (તાલીમાર્થી) ટ્રેડમાં તાલીમ લેવા પસંદગી થયેલ હોય તેની જાણ કરતો તા.૭/૧૦/૯૭ નો પત્ર રજુ થયેલ છે. ત્યારબાદ, આંક–૪૨ થી અરજદારને આર્ટ–સી (બોડીફીટર) તાલિમાર્થી તરીકે હાજર થવા બાબતનો તા.૧૭/૧૦/૯૭ ના રોજનો પત્ર રજુ થયેલ છે. આમ, આ ઉપરોકત તમામ દસ્તાવેજો ઉપરથી સ્પષ્ટ થાય છે કે, પ્રથમ પક્ષકારની સંસ્થાની ભરતીની જાહેરાતના અનુસંધાને અરજદાર દ્વારા નિયત અરજી કરવામાં આવેલ તે પછી

અરજદારનો ઈન્ટરવ્યુ લઈ પસંદગી પામતા અરજદારની તાલીમાર્થી તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. આ નિમણુંક યોગ્ય પ્રક્રીયા કરીને નિયમ મુજબ કરવામાં આવેલ હોય અરજદારની ભરતી કાયદેસરની હોવાનું જણાય આવે છે. આ કામે આંક-૪ર થી આર્ટ-સી (બોડીફીટર) તાલિમાર્થી તરીકે હાજર થવા બાબતના તા.૧૭/૧૦/૧૯૯૭ ના રોજના પત્રમાં જણાવેલ શરતો ધ્યાનમાં લેવામાં આવે તો અરજદારની આ નિમણુંક તદન હંગામી ધોરણે કરવામાં આવેલ. તદઉપરાંત, પ્રથમ ૧ વર્ષની મુદત માટે તાલીમાર્થી તરીકે તાલીમ આપવામાં આવશે અને આ સમય દરમ્યાનની અર્થપૂર્ણ હાજરી ધ્યાનમાં લઈ આર્ટ-સી ની કક્ષામાં સીધી ભરતીથી નિમણુંક આપી શકાય તે સારૂ વ્યવસાયિક કસોટી લેવામાં આવશે. **આ કસોટીમાં સફળ થતાં તાલીમાર્થી ઉમેદવારોમાંથી** નિયમાનુસારના પસંદગીના ક્રમાનુસાર **રેગ્યુલર આર્ટ-સી ની કક્ષામાં જગ્યાઓની ઉપલબ્ધીના સંદર્ભમાં ખાલી જગ્યાઓ સામે** રેગ્યુલર આર્ટ-સી ના હેડમાં નિમણુંક આપવામાં આવશે. વધુમાં અગાઉના વર્ષો દરમ્યાન વ્યવસાયિક કસોટીમાં પાસ થયેલ અને વેઈટીંગ લીસ્ટમાં જગ્યાના સંદર્ભે નિમણુંકો આપવામાં આવે નહી તેવા સંજોગોમાં પણ તાલિમાર્થી તરીકે નિયત સ્ટાઈપેન્ડના દરે ચાલુ રાખવામાં આવશે અથવા અત્રેની કચેરી દ્વારા હેલ્પરની કક્ષામાં ખાલી જગ્યાના પ્રમાણમાં તે ખાલી જગ્યા સામે નિમણુંક આપવા બાબતે વિચારવામાં આવશે. આમ, અરજદારને આપવામાં આવેલ આ નિમણુંક હુકમની શરતો ધ્યાનમાં લેતા અરજદારની નિમણુંક તદન હંગામી ધોરણે થયેલ હતી અને રેગ્યુલર નિમણુંક ઉપલબ્ધ ખાલી જગ્યાઓની સામે જ આપવાની હતી અને જો ખાલી જગ્યાઓ ઉપલબ્ધ ન હોય તો હેલ્પરની કક્ષામાં નિમણુંક આપવાની જોગવાઈ કરવામાં આવેલ હતી. આથી, આ કામના અરજદાર આ ઉપરોકત નિમણુંક હુકમ આધારે તા.ર૪/૧૧/૯૭ ના રોજ તેમની નોકરીમાં દાખલ થયેલ તે પછી તાલિમાર્થીનો ૧ વર્ષનો સમયગાળો તા.ર૪/૧૧/૯૮ ના રોજ પુરો થાય તે દરમ્યાન પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા અરજદારની કોઈ વ્યવસાયિક કસોટી લેવામાં આવેલ ન હતી. પરંતુ, અરજદાર દ્વારા તેમના આંક-૧૧ ના માંગણી નિવેદન તથા આંક-ર૮ થી રજુ થયેલ સરતપાસના

સોગંદનામામાં જણાવ્યા મુજબ અરજદાર સાથે આર્ટ–સી મીકેનીકમાં ફરજમાં દાખલ થયેલા તાલિમાર્થીઓ પાસેથી પ્રથમ પક્ષકારે ૧ વર્ષની અંદર જ વ્યવસાયિક પરીક્ષા લઈ રેગ્યુલર કરવામાં આવેલા હતા જેના કારણે તેઓ અત્યાર સુધીમાં બે–બે, ત્રણ–ત્રણ પ્રમોશન લઈ હેડ મીકેનીક અને AWS ના હોદ્દા સુધી પહોંચી ગયેલ છે. આથી, અરજદારને યોગ્ય સમયે નિમણુંક ન આપતા આ પ્રમોશનનો તથા આર્થિક રીતે બીજા પણ નુકસાન થયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ, પ્રથમ પક્ષકાર દ્વારા આર્ટ–સી મીકેનીકમાં દાખલ થયેલ તાલિમાર્થીઓની વ્યવસાયિક કસોટી ૧ વર્ષની અંદર કયારે લેવામાં આવી તેની કોઈ વિગત જણાવવામાં આવેલ નથી. વળી, આ કસોટીમાં કયા તાલિમાર્થીઓ સફળ થતાં તેઓને રેગ્યુલર નિમણુંક આપવામાં આવેલ તેમના પણ કોઈ નામ જણાવવામાં આવેલ નથી. વળી, આ સફળ થયેલા તાલિમાર્થીઓ હેડ મીકેનીક અને AWS ના હોદ્દા ઉપર ફરજ બજાવી રહેલ હોય તેની પણ કોઈ વિગત પ્રસ્તુત કરવામાં આવેલ નથી. આમ, અરજદાર દ્વારા આ જે ઉપરોકત રજુઆત કરવામાં આવેલ છે તે કોઈ પણ જાતના આધાર પુરાવા વગર માત્ર પોતાના કેસને યોગ્ય રીતે પ્રસ્તુત કરવા અને તેનો લાભ મેળવવા માટે રજુ કરવામાં આવેલ હોય તેનાથી વિશેષ જણાતુ નથી.

**૧૩.** ત્યારબાદ, આ કામના અરજદાર દ્વારા તા.૨૩/૨/૧૯૯૯ ના રોજ બોડીફીટર (તાલિમાર્થી) ના ટ્રેડ ટેસ્ટમાં પ્રેકટીકલ કામગીરી કરવામાં આવેલ. આ ટ્રેડ ટેસ્ટમાં અરજદાર તથા બીજા અન્ય તાલિમાર્થીઓ પાસ થયેલ. પરંતુ, આર્ટ–સી બોડીફીટરની જગ્યાના અભાવે આ ઉમેદવારોને કાયમી કરી શકાયેલ નહી. જેથી આવા ઉમેદવારોને હેલ્પર કક્ષાની ખાલી જગ્યાઓને ધ્યાનમાં લઈ વિભાગના હુકમ અન્વયે આર્ટ–સી બોડીફીટર તાલિમાર્થીઓને હેલ્પરની કક્ષાના પગાર ધોરણમાં હાજર તારીખથી બીજો અન્ય હુકમ થતા સુધી નિમણુંક આપવાનો હુકમ તા.૨૫/૧૧/૨૦૦૦ ના રોજ કરવામાં આવેલ છે. જે આ કામે આંક–૪૬ થી રજુ થયેલ છે. આ નિમણુંક પામેલ ઉમેદવારોના નામની વિગતમાં અનુક્રમ નં.૪ ઉપર હાલના અરજદારનું નામ જણાય આવે છે. આથી, પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા આર્ટ–સી બોડીફીટરની જગ્યા ખાલી ન હોય ટ્રેડ ટેસ્ટમાં સફળ થયેલા

તાલિમાર્થીઓને હેલ્પરની કક્ષામાં નિમણુંક આપવાનો જે હુકમ કરવામાં આવેલ છે તે આ કામે આંક–૩૧ થી રજુ થયેલ સંસ્થાના સામાન્ય સ્થાયી હુકમ ક્રમાંક ૧૦૯૬–૨૦૦૦, તા.૬/૧૧/૨૦૦૦ ના પરિપત્ર આધારે કરવામાં આવેલ છે. આ પરિપત્રની વિગતો તપાસતાં તેમાં જણાવેલ છે કે, નિગમના જુદા જુદા વિભાગો ખાતે ટ્રેડ ટેસ્ટમા પાસ થયેલા પરંતુ, આર્ટ–સી ના જુદા જુદા ટ્રેડમાં સીધી ભરતીની ખાલી જગ્યાના અભાવે કાયમી ન થયા હોય તેવા ઉમેદવારો આજે ૩ થી ૪ વર્ષ બાદ પણ સીધી ભરતીની ખાલી જગ્યાઓના અભાવે કાયમી થઇ શકેલ નથી પણ સ્ટાઇપેન્ડ ઉપર ચાલુ છે. આ અંગે વહીવટ દ્ધારા એક વિગતવાર દરખાસ્ત નિગમના બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવેલ જે પરત્વે જીણવટભરી ચર્ચા વિચારણા કર્યા બાદ નિગમે સંદર્ભીત ક્રમાંક ૨ ના ઠરાવથી આર્ટ–સી (તાલિમાર્થીઓને) હેલ્પરની કક્ષામાં ખાલી જગ્યાઓમાં સમાવવા માટે મંજુરી આપેલ છે. વધુમાં જણાવેલ છે કે, આર્ટ–સી (તાલિમાર્થી) ના જુદા જુદા ટ્રેડમાં પાસ થયેલા પરંતુ, આર્ટ–સી ના જે તે ટ્રેડની સીધી ભરતીની ખાલી જગ્યાના અભાવે કાયમી નહી થઇ શકેલ તમામ ઉમેદવારોને હેલ્પરની કક્ષામાં કાયમી કરવાના રહેશે અને આર્ટ–સી ના જે તે ટ્રેડમાં સીધી ભરતીની જગ્યાઓ ઉપલબ્ધ બને તેમ ક્રમાનુસાર નિમણુંક આપવાની રહેશે.

આમ, નિગમના આ ઉપરોકત પરિપત્રમાં જણાવેલ સુચનાઓને આધીન હાલના અરજદારને તા.૨૫/૧૧/૨૦૦૦ ના હુકમથી આર્ટ–સી બોડીફીટરની જગ્યાના અભાવે હેલ્પરની કક્ષામાં નિમણુંક આપવાનો જે હુકમ કરવામાં આવેલ છે તેમાં પ્રથમ પક્ષકાર દ્ધારા કોઇ ગેરરીતિ કરવામાં આવેલ હોય કે અરજદાર અગર બીજા અન્ય સફળ ઉમેદવારો સાથે અન્યાયી વલણ દાખવવામાં આવેલ હોય તેવુ જણાય આવતુ નથી.

**૧૪.** આ ઉપરોકત હેલ્પરની કક્ષાના નિમણુંક આધારે હાલના અરજદાર હેલ્પર તરીકે પોતાની ફરજ બજાવતા હતા તે દરમ્યાન અરજદાર દ્ધારા તા.૧૮/૩/૨૦૦૫ ના રોજ વિભાગીય નિયામકશ્રી એસ.ટી. ભાવનગરનાઓને ઉદેશીને આર્ટ–સી મીકેનીક તરીકે બઢતી મેળવવા બાબતની અરજી આપવામાં આવેલ. આ અરજી આંક–૩૨ થી રજુ કરવામાં

આવેલ છે. અરજીની વિગતો ધ્યાનમાં લેતાં અરજદાર દ્વારા જણાવવામાં આવેલ છે કે, તેઓની આર્ટ–સી બોડીફીટરની સીધી ભરતીમાં પસંદગી થયેલ છે તેમની નિમણુંક સમયે સદરહુ કક્ષામાં જગ્યાઓ ખાલી ન હોવાથી મારી સંમતિથી મને હેલ્પર કક્ષામાં કામચલાઉ ધોરણે નિમણુંક આપવામાં આવેલ. હાલમાં પણ આર્ટ–સી બોડીફીટરની જગ્યાઓ ઉપલબ્ધ નથી તેવુ મારી જાણમાં આવેલ છે. અરજદાર દ્વારા વધુમાં જણાવવામાં આવેલ છે કે, મે ઓટોમોબાઇલ વિષયમાં ડીપ્લોમાં કરેલ છે. મીકેનીક કામગીરીની સારી જાણકારી ધરાવુ છુ. મને હાલમાં વિભાગની આર્ટ–સી મીકેનીકની ખાલી જગ્યાઓ પૈકી કોઇ પણ એક પર નિમણુંક આપવામાં આવે તો હું તેનો સ્વીકાર કરવા તૈયાર છુ તેમજ આર્ટ–સી બોડીફીટરની મારી અસલ પસંદગી સામે મારો હકક દાવો કાયમી ધોરણે સ્વેચ્છાએ જતો કરવા તૈયાર છુ. મારી ઉપરોકત માંગણીને વહીવટી રીતે સહાનુભૂતિથી સ્વીકારી ગ્રાહય રાખવા વિનંતી છે.

આમ, હાલના અરજદાર દ્વારા આ ઉપરોકત અરજી કરી આર્ટ–સી બોડીફીટરની પોતાની અસલ પસંદગી સામેનો હકક દાવો કાયમી ધોરણે જતો કરેલ છે. આથી, અરજદારની આ ઉપરોકત રજુઆતને ધ્યાનમાં લઇ પ્રથમ પક્ષકાર દ્વારા અરજદારને આર્ટ–સી મીકેનીકની જગ્યાના પગાર ધોરણ ઉપર માસિક રૂ.૩૦૭૫/– તથા મળવાપાત્ર નિયમાનુસારના અન્ય ભથ્થાઓ સાથે આર્ટ–સી મીકેનીકની ૩ માસની સમયમર્યાદા પુરતી હંગામી બઢતી આપતો વિભાગીય હુકમ તા.૨૮/૨/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ. આ હુકમ આંક–૪૭ થી રેકર્ડ ઉપર રજુ થયેલ છે. આ હુકમમાં વધુમાં જણાવવામાં આવેલ છે કે, આર્ટ–સી મીકેનીકની જગ્યાએ આપેલ સદર બઢતી તદન હંગામી ધોરણે, સ્થાનિક વ્યવસ્થાને આધીન, બિનકવોલીફાઇડ ઉમેદવાર તરીકે આપેલ હોય નિયત કરાયેલ ૩ માસની બઢતીનો સમય પુર્ણ થતાં તેઓ આપોઆપ તેમની હેલ્પર કક્ષામાં પરત મુકાયેલ ગણાશે. વધુમાં જણાવેલ છે કે, સદર બઢતીથી શ્રી ગૌસ્વામી આર્ટ–સી મીકેનીકની જગ્યાએ કાયમી બઢતી મેળવવા કોઇ હકક દાવો ધરાવી શકશે નહી તથા વિભાગના અન્ય કોઇ કર્મચારીઓની સીનીયોરીટીને

અસરકર્તા બનશે નહી. આમ, આ ઉપરોકત હંગામી બઢતીના હુકમથી અરજદારને આર્ટ–સી મીકેનીક તરીકે ૩ માસની સમયમર્યાદા પુરતી બઢતી આપવામાં આવેલ હતી. જેથી વિ.યુનિયન પ્રતિનિધિ શ્રી પમનાણી દ્વારા તેમની મૌખિક દલીલોમાં જે રજુઆત કરેલ છે કે, અરજદારની અરજીમાં આર્ટ–સી મીકેનીક તરીકે તેમને પોસ્ટ આપવામાં આવે તો તેઓ આર્ટ–સી બોડીફીટરની અસલ પસંદગીનો હકક કાયમી રીતે જતો કરે છે તેવી રજુઆત સામે વિભાગ દ્વારા તેઓને માત્ર ૩ માસ માટે હંગામી ધોરણે આર્ટ–સી મીકેનીકની પોસ્ટ આપેલ તેટલા માત્રથી અરજદારનો આર્ટ–સી બોડીફીટર તરીકેની અસલ પસંદગીનો હકક જતો રહેતો નથી કે જતો કરી શકાય પણ નહી તેવી રજુઆત સંદર્ભે આ કામના અરજદારની સામાવાળાના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાનમાં લેવી જરૂરી બને છે. અરજદાર દ્વારા તેમની ઉલટતપાસમાં ૨૩/૨ (આંક–૩૨) મા મારી સહી છે. સદરહુ પત્ર કોઇ ધાક ધમકી કે દબાણથી મારી પાસે લખાવેલ નથી. હાલ હું આર્ટ–એ મીકેનીક તરીકે ફરજ બજાવુ છુ. એ વાત ખરી છે કે આર્ટ–સી મીકેનીક અને આર્ટ–સી બોડીફીટરનો ગ્રેડ સરખો છે. આંક–૨૩/૨ (આંક–૩૨) ની અરજી લખવાનુ મને કોણે કહેલુ તે મને યાદ નથી. મને કોણે કહેલુ તેમનો હોદો પણ યાદ નથી. મને ભાવનગર કે અમદાવાદ કઇ જગ્યાએ કહેલુ તે પણ મને યાદ નથી. મને આ બાબત જણાવેલ તેનો કોઇ લેખિત આધાર રજુ કરી શકુ નહી. મને ૩ મહીના પછી શા માટે હેલ્પર તરીકે મુકવામાં આવેલ તેનું કારણ મને ખબર નથી. આમ, અરજદારની આ ઉપરોકત ઉલટતપાસની વિગતો ધ્યાનમા લેતાં સ્પષ્ટ થાય છે કે, આ નિ.૨૩/૨ વાળો (આંક–૩૨) પત્ર અરજદાર દ્વારા કોઇની ધાક ધમકી કે દબાણમાં આવીને લખવામાં આવેલ નથી. જેથી અરજીમાં જણાવેલ હકીકતો મુજબ અરજદારે સ્વેચ્છાએ પોતાની મરજીથી આર્ટ–સી મીકેનીક તરીકેની નિમણુંક આપવાની માંગણી કરેલ અને આ નિમણુંક આપવામાં આવે તો આર્ટ–સી બોડીફીટરની તેમની અસલ પસંદગી સામેનો હકક દાવો કાયમી ધોરણે સ્વેચ્છાએ જતો કરવાની તૈયારી બતાવી છે. આથી, અરજદારની અરજીની આ ઉપરોકત હકીકત અને સ્વૈચ્છીક રીતે પોતાનો હકક દાવો જતો કરતા હોય પ્રથમ પક્ષકાર દ્વારા

અરજદારને આંક–૪૭ ના હંગામી બઢતી હુકમથી આર્ટ–સી મીકેનીકની જગ્યામાં ૩ માસના સમયમર્યાદા પુરતી હંગામી બઢતી આપવામાં આવેલ છે. આથી, અરજદારના વિ.પ્રતિનિધિ શ્રી વી.જે.પમનાણી હ્વારા તેમની દલીલમાં જે રજુઆત કરવામાં આવેલ છે તે ગ્રાહય રાખવાપાત્ર બનતી નથી.

**૧૫.** ત્યારબાદ, આ કામના પ્રથમ પક્ષકાર હ્વારા વિભાગ ખાતે હાલમા તેમજ ભવિષ્યમાં ખાલી પડતા મીકેનીક કક્ષાની જુદી જુદી આર્ટીઝન એ, બી, સી કક્ષાઓમાં ખાતાકીય બઢતીથી જગ્યાઓ ભરવા નિયત કરેલ લાયકાતના ધોરણે સંબંધીત કર્મચારીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવેલ. આ અરજીઓના આધારે જુદી જુદી કક્ષાની ખાતાકીય બઢતી માટેની પરીક્ષામાં બેસવા માટે મંજુરી આપવામાં આવેલ કર્મચારીઓની યાદી દર્શાવતો પરિપત્ર તા.૨૯/૯/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ. આ પરિપત્ર આંક–૪૮ થી રજુ છે. આ પરિપત્રમાં અનુક્રમ નં.(૧૨) આર્ટ–સી મીકેનીક કક્ષાની ખાતાકીય બઢતી માટેની પરીક્ષામાં બેસવા માટે મંજુરી આપવામાં આવેલ કર્મચારીઓની યાદીમાં અનુક્રમ નં.(૧) ઉપર હાલના અરજદારનું નામ જણાવેલુ છે અને તેમનો હાલનો હોદો હેલ્પર જણાવેલ છે. આ ખાતાકીય બઢતી પરીક્ષાનું પરિણામ તા.૩૦/૧૦/૨૦૦૬ ના રોજના પરિપત્રથી જાહેર કરવામાં આવેલ. આ પરિપત્ર આંક–૪૯ થી રજુ છે. આ પરિપત્રની વિગતમાં આર્ટ–સી મીકેનીકની કક્ષામાં લેવાયેલ ખાતાકીય બઢતી પરીક્ષામાં પાસ જાહેર થયેલ કર્મચારીઓની યાદીમાં અનુક્રમ નં.(૧) ઉપર હાલના અરજદારનું નામ જણાવેલુ છે. આ પરિપત્રમાં જે સુચનાઓ આપવામાં આવેલ છે તેમાં (૧) પરિપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ જે તે ટ્રેડની ખાતાકીય બઢતી માટેની પરીક્ષામાં પાસ જાહેર થનાર કર્મચારીઓ આપોઆપ બઢતી મેળવવા પાત્ર ઠરતા નથી. (૪) વિભાગ ખાતે જે તે ડેપોની જે તે ટ્રેડમાં ખાલી પડેલ અથવા ખાલી પડનાર એકમ ખાતે કાયમી/હંગામી બઢતી આપવા માટે વહીવટી નિર્ણય લેવામા આવે તે સમયે જ કાયમી/હંગામી બઢતી આપવા માટે નિર્ણય લેવામાં આવશે. આમ, આ આંક–૪૯ ના પરિપત્ર મુજબ પાસ જાહેર થયેલા ઉમેદવારો પરીક્ષામાં પાસ થયા માત્રથી જ આપોઆપ બઢતી મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ, જે તે

ટ્રેડમાં ખાલી પડેલ અથવા ખાલી પડનાર એકમ ખાતે વહીવટી નિર્ણય લેવામાં આવે તે સમયે જ કાયમી કે હંગામી બઢતી આપવા માટે નિર્ણય લેવામાં આવશે તેવુ ઠરાવેલ છે. આમ, આ ખાતાકીય બઢતી માટેની પરીક્ષામાં પાસ થયેલા કવોલીફાઇડ ઉમેદવારોને તદન હંગામી ધોરણે સ્થાનિક વ્યવસ્થાને આધીન રહી આર્ટ–સી મીકેનીક કક્ષાના હાલના પગાર ધોરણમાં હંગામી બઢતીની જગ્યાએ ફરજ પર હાજર થયા તારીખથી બીજી અન્ય કાયમી/હંગામી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી હંગામી બઢતી આપતો હુકમ તા.૨૯/૧૧/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ. આ હુકમ આંક–૫૦ થી રજુ થયેલ છે. આ હુકમમાં નિમણુંક પામેલા ઉમેદવારોના નામમાં અનુક્રમ નં.(૧૦) ઉપર હાલના અરજદારનું નામ જણાવેલ છે. આ હુકમમાં વધુમાં જણાવવામાં આવેલ છે કે, કર્મચારીઓએ નોંધ લેવાની કે તેઓને આપેલ સદર બઢતી તદન હંગામી, કામચલાઉ ધોરણે અને સ્થાનિક વ્યવસ્થાને આધીન છે. આમ છતાં તેઓને ગમે તે સમયે તેમની મૂળ હેલ્પરની જગ્યાએ પરત મુકી શકાશે. આમ, આ ઉપરોકત હુકમથી અરજદારને આર્ટ–સી મીકેનીકની કક્ષામાં હંગામી બઢતી આપવામાં આવેલ હતી અને ત્યારથી અરજદાર આ આર્ટ–સી મીકેનીકની પોસ્ટ ઉપર ફરજ બજાવતા આવી રહેલ છે. આથી, અરજદારની જે નિમણુંક કરવામાં આવેલ છે તે વિભાગના નિતી નિયમો અને વહીવટી પ્રક્રીયાને અનુસરીને કરવામાં આવેલા છે. તેમાં કોઇ ગેરરિતી કે ભેદભાવ આચરવામાં આવેલ હોય તેવુ જણાય આવતુ નથી. વળી, કાયમી જગ્યાઓના અભાવે વિભાગ દ્વારા જે તે કક્ષામાં હંગામી ધોરણે બઢતી આપવામાં આવેલ છે. આથી, હંગામી ધોરણે બઢતી આપવામાં આવેલ હોય તેટલા માત્રથી જે તે કક્ષામાં જગ્યા ખાલી છે તેવી અરજદારના વિ.યુનિયન પ્રતિનિધિ શ્રી પમનાણીની રજુઆત ગ્રાહય રાખી શકાય નહી. આમ, આંક–૪૭ ના હંગામી બઢતીના વિભાગીય મહેકમી હુકમ મુજબ અરજદારની આર્ટ–સી મીકેનીક તરીકે હંગામી બઢતી ૩ માસની સમયમર્યાદા પુરતી આપવામાં આવેલ હતી. આથી, અરજદાર તરફથી તેઓને તા.૨૪/૧૧/૯૭ ના રોજ નોકરીમાં દાખલ થયાના ૧ વર્ષનો સમયગાળો તા.૨૫/૧૧/૯૮ ની અસરથી આર્ટ–સી બોડીફીટર તરીકેની રેગ્યુલર

નિમણુંક આપી તે કક્ષાના ટાઇમસ્કેલ ઉપર મુકવા અને ટાઇમસ્કેલ કર્મચારીઓને મળતા પગાર, ભથ્થા તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવાની જે માંગણી કરવામાં આવેલ છે તે સબબ નિગમ અને યુનિયન વચ્ચે કરવામાં આવેલ લેબર સેટલમેન્ટના નિયમ–૨૦ માં ભરતી/ટાઇમસ્કેલ ઉપર લેવા બાબતની જોગવાઇ કરવામાં આવેલ છે. તે અત્રે પ્રસ્તુત કરી ધ્યાનમાં લેવી જરૂરી બને છે. નિગમ તરફે લેબર ઓફીસર એસ.ટી. ભાવનગર દ્રારા આંક–૨૪ ના દસ્તાવેજી લીસ્ટથી નિગમનું છેલ્લુ લેબર સેટલમેન્ટ નં.૦૯ ની કલમ–૨૦ ની જોગવાઇ રજુ રાખવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

લેબર સેટલમેન્ટ (તા.૨૧–૧૨–૧૯૮૯) ૯

(તા.૧–૮–૧૯૮૭ થી તા.૩૧–૭–૧૯૯૨ સુધીના સમય માટે–)

ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમ

મધ્યસ્થ કાર્યાલય, વાહનવ્યવહાર ભવન, અમદાવાદ–૩૮૦૦૨૨

**નિયમ–૨૦:– ભરતી/ટાઇમસ્કેલ ઉપર લેવા બાબત:**

તા.૨૩–૧૧–૧૯૮૪ ના સેટલમેન્ટની કલમ નં.૨૯ ની જોગવાઈ રદ કરવાના અને તા.૨૨–૧૦–૧૯૬૪ના સેટલમેન્ટની કલમ નં.૪૩ની જોગવાઈનો અમલ કરવાની રજૂઆતના સંદર્ભમાં નક્કી કરવામાં આવ્યું કે પસંદગી પામેલ કર્મચારીઓની વિભાગવાર યાદી બનાવ્યા પછી તેમાંથી ક્રમાકનુસાર જે તે વિભાગ/એકમમાં કાયમી જગ્યાઓની મંજૂરી સામે હંગામી/રોજમદાર નિમણુંક આપવામાં આવશે અને આવી નિમણુંક પામેલ હંગામી/રોજમદાર કર્મચારીઓને સતત ૧૮૦ દિવસની નોકરી અઠવાડીક રજાઓ/પેઈડ હોલીડે અને અધિકૃત રજાઓ સહિત કર્યુ હશે તો તેમને ટાઈમસ્કેલ ઉપર લેવામાં આવશે. આ જોગવાઈ સીવીલ એન્જિનિયરીંગ ખાતાના વર્ક ચાર્જના ધોરણે કામ કરતાં કર્મચારીઓને લાગુ પડશે નહીં. અને આવા નિમણુંક પામેલ હંગામી/રોજમદાર કર્મચારીઓએ સતત ૧૮૦ દિવસની નોકરી અઠવાડિક રજાઓ અને અન્ય પેઈડ હોલીડે સહિત કરી હશે તો તેમને ટાઇમસ્કેલ ઉપર લેવામાં આવશે. અને તેઓ ટાઇમસ્કેલ કર્મચારીઓને મળતા બધા જ લાભોને પાત્ર થશે. અધિકૃત રજાના કારણની

ગેરહાજરી ઉપરોકત હેતુ માટે બ્રેક તરીકે ગણાશે નહીં અને તે દિવસોને ૧૮૦ દિવસની નોકરી માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.

એસ.ટી.ટી. ૧૯૮૧ની મંજૂરી પ્રમાણે જે સ્ટાફની ભરતી રોજમદાર કે બદલી કામદાર તરીકે કરવામાં આવી હશે તેઓને તેમના કામગીરીના ૧૮૦ દિવસ પૂરા થતાં મંજૂર થયેલ જગ્યાઓ ઉપર ક્રમાનુસાર ટાઈમસ્કેલ ઉપર લેવામાં આવશે.

આવા કર્મચારીઓને નોશનલ ઈન્ક્રીમેન્ટ સહિત તા.૧-૮-૮૭ થી નિયમાનુસાર મળવાપાત્ર તમામ લાભો આપવામાં આવશે અને તેમની પાસેથી કોઈ વસુલાત કરવામાં નહીં આવે કે એરીયર્સ ચુકવવામાં આવશે નહીં.

ઉપર મુજબ ટાઈમસ્કેલ ઉપર લેવાયેલા કર્મચારીઓની ચોમાસાના સમય દરમ્યાન સેવાની જરૂરીયાત નહીં હોય તો નિયમાનુસાર છટણી કરી શકાશે અને ચોમાસા પછી તેઓની સેવાની જરૂર પડે ક્રમાનુસાર ફરીથી ટાઈમસ્કેલ ઉપર લેવામાં આવશે. જો કાયમી ખાલી જગ્યા હશે તો વહીવટી સ્ટાફની નિમણુંક ટાઈમસ્કેલ ઉપર કરવામાં આવશે.

આમ, આ ઉપરોકત જોગવાઈ લક્ષમાં લેતાં કાયમી જગ્યાઓની મંજુરી સામે હંગામી/રોજમદાર નિમણુંક આપવામાં આવેલ કર્મચારીઓએ સતત ૧૮૦ દિવસની નોકરી અઠવાડીક રજાઓ/પેઈડ હોલીડે અને અધીકૃત રજાઓ સહીત કર્યુ હશે તો તેમને ટાઈમસ્કેલ ઉપર લેવામાં આવશે. આથી, આ ઉપરોકત જોગવાઈને લક્ષમાં લેતાં સૌપ્રથમ આ કામના અરજદારની પસંદગી આર્ટ-સી બોડીફીટર તાલિમાર્થી તરીકે થયેલ હતી અને તાલીમ સમય બાદ વ્યવસાયિક કસોટીમાં સફળ થયા પછી આર્ટ-'સી' ની કક્ષામાં જગ્યાઓની ઉપલબ્ધીના સંદર્ભમાં ખાલી જગ્યાઓ સામે રેગ્યુલર નિમણુંક આપવાની શરતોને આધીન તાલીમાર્થી તરીકે પસંદગી થયેલ હતી. આથી, અરજદાર દ્વારા નોકરીમાં દાખલ થયા તારીખ ૨૪/૧૧/૧૯૯૭ થી તા.૨૫/૧૧/૯૮ સુધીનો સમયગાળો તાલીમાર્થી તરીકેનો રહેલો હતો અને આ સમયગાળા દરમ્યાન નિગમ દ્વારા કોઈ વ્યવસાયિક કસોટી લેવામાં આવેલ ન હતી. જેથી આવી વ્યવસાયિક કસોટીમાં અરજદાર સફળ થવાનો

પ્રસંગ પણ બનેલ નથી. આ તબકકે અરજદારના વિ.યુનિયન પ્રતિનિધિ શ્રી પમનાણી દ્વારા નામ.ગુજરાત હાઇકોર્ટના Mehulkumar Ramanlal Katpara v/s State of Gujarat (SCA No.8693 of 2022 High Court of Gujarat) ચુકાદા ઉપર આધાર રાખી તેમની મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, પસંદગી પ્રક્રીયાને અનુસરવાની જવાબદાર સંસ્થાની રહેલી છે અને જો સંસ્થા દ્વારા આવી પસંદગી પ્રક્રીયાને અનુરૂપ અરજદારની વ્યવસાયિક કસોટી લેવામાં આવેલ ન હોય તો તેના માટે અરજદારનો કોઇ વાંક ગુનો નથી. કસોટી લેવાની જવાબદારી સંસ્થાની હતી. આવી કસોટીમાં હાજર થવા માટે અરજદારે કોઇ ઇન્કાર કરેલ નથી કે તેઓ તૈયાર નથી તેવી પણ અરજદાર તરફથી કોઇ રજુઆત નથી. આથી, સંસ્થા દ્વારા જો આવી વ્યવસાયિક કસોટી લેવામાં આવેલ ન હોય તો તેનો ભોગ કામદાર/અરજદારને બનાવી શકાય નહી. અરજદાર તરફે રજુ રાખવામાં આવેલ નામ.હાઇકોર્ટના આ ચુકાદાનું અમો ખૂબ જ આદરપૂર્વક માન–સન્માન જાળવીએ છીએ. પરંતુ, અગાઉ ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા અનુસાર અને આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ નિગમના હુકમો તથા પરિપત્રોને ધ્યાનમાં લેતાં નિગમ દ્વારા સમ્યાંતરે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. વળી, આ કામના અરજદાર દ્વારા અગાઉ રજુઆત કર્યા મુજબ તેમની સાથે તાલીમાર્થી તરીકે જોડાયેલા બીજા અન્ય કક્ષાના તાલીમાર્થીઓની વ્યવસાયિક કસોટી લેવામાં આવેલ અને અરજદારની આર્ટ–સી બોડીફીટર કક્ષાની વ્યવસાયિક કસોટી ૧ વર્ષના સમયગાળા બાદ લેવામાં આવેલ નહી. તે સંદર્ભે અરજદાર તરફથી કોઇ વિશ્વસનીય કે બીજો અન્ય કોઇ પણ પુરાવો રજુ રાખેલ નથી. વળી, ૧ વર્ષના તાલીમના સમયગાળા બાદ ફરજીયાતપણે નિગમ દ્વારા વ્યવસાયિક કસોટી લેવી જ રહી તેવી કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી. આથી, નિગમ દ્વારા તેમની વહીવટી અનુકૂળતાને ધ્યાનમાં રાખી વ્યવસાયિક કસોટીનું આયોજન કરવામાં આવેલુ અને તેમાં અરજદાર સફળ થયેલ છે. આથી, નામ.હાઇકોર્ટના આ ઉપરોકત ચુકાદામાં ઠરાવવામાં આવેલ પ્રસ્થાપિત સિધ્ધાંત હાલના કેસમાં અરજદારની રજુઆતને મદદરૂપ થતો નથી તેવુ મારૂ નમ્રપણે માનવું છે.

આમ, અગાઉ ચર્ચા કરવામાં આવેલ તે મુજબ હંગામી/રોજમદાર કર્મચારીઓએ કાયમી જગ્યાઓની મંજુરી સામે સતત ૧૮૦ દિવસની નોકરી કરેલ હોય તેમને ટાઇમસ્કેલ ઉપર લેવામાં આવશે તેવી જે જોગવાઇ કરવામાં આવેલ છે તે મુજબ આ કામના અરજદારને વ્યવસાયિક કસોટીમાં સફળ થયા બાદ આર્ટ-સી બોડીફીટરની જગ્યાના અભાવે હેલ્પરની કક્ષામાં નિમણુંક આપવામાં આવેલ હતી.આ નિમણુંક નિગમના તા.૬/૧૧/૨૦૦૦ ના રોજના સંસ્થાકીય હુકમ આધારે આપવામાં આવેલ હતી. આથી, જયારે અરજદારને હેલ્પરની કક્ષામાં નિમણુંકનો હુકમ આપવામા આવેલ તેમાં હંગામી/રોજમદાર તરીકે નિમણુંક આપવામાં આવેલ છે તેવી કોઇ હકીકત જણાવવામાં આવેલ નથી. આથી, ટાઇમસ્કેલની જોગવાઇ મુજબ કાયમી જગ્યાઓની મંજુરી સામે હંગામી/રોજમદાર તરીકે કોઇ કર્મચારીને નિમણુંક આપવામાં આવેલ હોય અને તેણે સતત ૧૮૦ દિવસની નોકરી કરેલ હોય તેવા જ કર્મચારીઓના કિસ્સામાં ટાઇમસ્કેલની જોગવાઇ ધ્યાનમાં લેવાની બને છે. આથી, અરજદારના હેલ્પરની કક્ષાના કામગીરીનો સમયગાળો પણ હંગામી અગર રોજમદાર તરીકેનો ન હોય, ટાઇમસ્કેલની જોગવાઇ લાગુ પાડી શકાય નહી. તદઉપરાંત, આ કામના અરજદારને આંક-૪૭ વાળા મહેકમી હુકમથી આર્ટ-સી મીકેનીકની જગ્યાએ ૩ માસની સમયમર્યાદા પુરતી હંગામી બઢતી આપવાનો હુકમ કરવામાં આવેલ અને ૩ માસની બઢતીનો સમય પુર્ણ થતા તેઓ આપોઆપ તેમની હેલ્પર કક્ષામાં પરત મુકાયેલ ગણાશે તેવી જોગવાઇ કરવામાં આવેલ. આમ, આ હુકમ મુજબ પણ અરજદારે આર્ટ-સી મીકેનીકની જગ્યાએ ફકત ૩ માસ એટલે કે, ૯૦ દિવસ પુરતી હંગામી બઢતી તરીકેની ફરજ બજાવેલ છે. જયારે ટાઇમસ્કેલની જોગવાઇ મુજબ હંગામી તરીકે સતત ૧૮૦ દિવસની ફરજ બજાવેલ હોવાની જોગવાઇ ફરજીયાત છે. જે હાલના કેસમાં અરજદાર દ્વારા બજાવવામાં આવેલ નથી. આથી, આ આર્ટ-સી મીકેનીકની હંગામી બઢતી તરીકેની ફરજના સમયગાળાને પણ ટાઇમસ્કેલની જોગવાઇ મુજબ લાગુ પાડી શકાય તેમ નથી.

ત્યારબાદ, આ કામના અરજદાર ખાતાકીય બઢતી માટેની આર્ટ–સી મીકેનીક કક્ષાની પરીક્ષામાં પાસ જાહેર થયેલ તે આધારે અરજદાર તથા બીજા અન્ય સફળ ઉમેદવારોને આંક–૫૦ થી રજુ મહેકમી હુકમથી આર્ટ–સી મીકેનીક કક્ષામાં કવોલીફાઇડ ઉમેદવાર તરીકે હંગામી ધોરણે આર્ટ–સી મીકેનીક કક્ષાના પગાર ધોરણમાં હંગામી જગ્યાએ બઢતી આપવાનો હુકમ કરવામાં આવેલ. આ હુકમ આધારે અરજદારની નિમણુંક પ્રથમ પાલીતાણા કેન્દ્ર ખાતે ત્યારબાદ અરજદારની વિનંતીથી મહુવા કેન્દ્ર ખાતે અને મહુવાથી ભાવનગર કેન્દ્ર ખાતે થયેલ છે. આથી, જયારે અરજદાર આર્ટ–સી મીકેનીક કક્ષામાં રેગ્યુલર પગાર ધોરણમાં ફરજ બજાવી રહેલ હોય, તો તેવા કિસ્સામાં અરજદારને આ આર્ટ–સી મીકેનીકની હંગામી જગ્યા ઉપર હંગામી ધોરણે જે બઢતી આપવામાં આવેલ છે તેમાં ટાઇમસ્કેલની જોગવાઇ લાગુ પાડી શકાય તેમ નથી. આથી, નિયમ–૨૦ માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ કાયમી જગ્યા ઉપર પસંદગી પામેલ હંગામી/રોજમદાર કર્મચારીઓએ સતત ૧૮૦ દિવસની નોકરી કરેલાની તેમજ પ્રથમથી જ એક માત્ર કાયમી જગ્યા ઉપર હંગામી નિમણુંક કરવામાં આવેલ હોય તથા કર્મચારીઓના સિનીયોરીટી લીસ્ટને બાધ ન આવે તે મુજબના ત્રણેય તત્વો હાલના કેસમાં અરજદારની તરફેણમાં લાગુ પડતા નથી તેવુ મારૂ નમ્રપણે માનવું છે. આ કામે આંક–૫૦ થી નિગમનો મહેકમી હુકમ નં.૧૫૨/૨૦૦૬, તા.૨૯/૧૧/૨૦૦૬ નો ખાતાકીય બઢતી પરીક્ષામાં પાસ થયેલા કર્મચારીઓને કવોલીફાઇડ ઉમેદવાર તરીકે તદન હંગામી ધોરણે આર્ટ–સી મીકેનીક કક્ષામાં નિમણુંક આપવાનો હુકમ રજુ કરવામાં આવેલ છે. આ હુકમ વંચાણે લેતાં જણાય આવે છે કે, હાલના અરજદાર સિવાય બીજા અન્ય ૯ ઉમેદવારો અરજદારથી સિનીયોરીટીમાં આગળના ક્રમ ઉપર છે અને અરજદાર ક્રમ નં.૧૦ ઉપર છે. આમ, નિયમ–૨૦ માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ પણ બીજા અન્ય કર્મચારીઓની સિનીયોરીટીને બાધ આવતો ન હોય તે બાબત પણ ટાઇમસ્કેલની જોગવાઇ લાગુ કરતી વખતે ધ્યાનમાં લેવી જરૂરી છે. આથી, હાલના કેસમાં પણ જો અરજદારને ટાઇમસ્કેલ કક્ષામાં મુકવાનો હુકમ કરવામાં આવે તો સિનીયોરીટી લીસ્ટમાં અરજદારથી આગળના ક્રમના

ઉમેદવારોને અન્યાય થાય તેમ છે. આથી, જયારે સિનીયોરીટીના મુદ્દે પણ બાધ નડતો હોય, નિયમ–૨૦ મુજબ અરજદારને લાભ મળવાપાત્ર બનતો નથી. આથી, અરજદાર દ્વારા તેમના નોકરીમાં દાખલ થયાના ૧ વર્ષના સમયગાળાની અસરથી આર્ટ–સી બોડીફીટર તરીકે રેગ્યુલર નિમણુંક આપી ટાઇમસ્કેલની કક્ષામાં મુકી અને તે કક્ષાના કર્મચારીઓને મળતા પગાર, ભથ્થાં તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવાની જે માંગણી કરવામાં આવેલ છે તે ગ્રાહય રાખવાપાત્ર બનતી નથી.

**૧૬.** વળી, આ કામે ટાઇમસ્કેલ અને વિલંબના મુદ્દા સબબ પ્રથમ પક્ષકાર તરફે નામ.ગુજરાત હાઇકોર્ટના જે ચુકાદાઓ ઉપર આધાર રાખવામાં આવેલ છે તે અત્રે પ્રસ્તુત કરી ધ્યાનમાં લેવા જરૂરી બને છે.

**૧૬.૧** સામાવાળા તરફે નામ.ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો Divisional Controller vs Dharmendrasinh Balbhadrasinh Waghela (SCA No.10977 of 2014 High Court of Gujarat) રજુ રાખેલ છે. આ ચુકાદામાં નામ.હાઇકોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

Thus, the parameters i.e. completion of 180 days, availability of regular vacant posts, and inter-se seniority of such claimants, all these three parameters ought to have been taken into consideration by the Tribunal which it has not, in this case. The award of the Tribunal is thus, unsustainable.

**૧૬.૨** સામાવાળા તરફે નામ.ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો Ghanshyamsinh Pratapsinh Parmar vs Divisional Controller (LPA No.1185 of 2014 High Court of Gujarat). રજુ રાખેલ છે. આ ચુકાદામાં નામ.હાઇકોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

11. At the outset, it is required to be noted that after the concerned workmen were put in regular time-scale somewhere in the year 2008, thereafter after a period of 14 years from the date of cause of action ie., in the year 1998, the concerned workmen

raised industrial dispute in the year 2012 by making a grievance that they ought to have been put in regular time-scale in the year 1998 on their completing 180 days' of service.

However, the learned Tribunal ignored and had not considered other two conditions/stipulations. As per Clause 20 of the Settlement, entered into by and between GSRTC and the Workmen's Union, upon which reliance was placed by the concerned workmen for the benefit of regular time-scale, it provides that the case of a daily wager shall be considered for being taken on regular time- scale, after completion of 180 days as a daily wager; keeping in view the availability of the concerned vacant posts of the respective cadres. There is a further stipulation that the said consideration would be on the basis of inter se seniority of such daily wagers. Under the circumstances, when the learned Industrial Tribunal directed the management to grant regular time scale to the concerned workmen solely on fulfillment of one of the conditions ie., completion of 180 days' service and it was found that the other two conditions/stipulations are not at all considered and/or fulfilled, thereafter when the learned Single Judge has allowed the said Special Civil Applications and has quashed and set-aside the respective Awards, it cannot be said that the learned Single Judge has committed an error of law, nor the order passed by the learned Single Judge can be said to be contrary to Clause 20 of the Settlement, which calls for interference by this Court in exercise of intra-court appellate jurisdiction.

**૧૬.૩** આમ, નામ.હાઇકોર્ટના ઉપરોકત પ્રસ્તુત કરેલ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત તથા આ કામે કરવામાં આવેલ ઉપરોકત

સમગ્ર ચર્ચાને લક્ષમાં લેતાં આ કામના અરજદારને તા.૨૪/૧૧/૧૯૯૮ ની અસરથી આર્ટ–સી બોડીફીટર તરીકે રેગ્યુલર નિમણુંક આપી તે કક્ષાના ટાઇમસ્કેલ ઉપર મુકી અને તે તારીખથી તે કક્ષાના ટાઇમસ્કેલ કર્મચારીઓને મળતા પગાર, ભથ્થાં તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહીત મેળવવા માટે હકકદાર થતા ન હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય 'નકારમાં' ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં.૨:–**

**૧૭.** આ કામે હાલનો મુદ્દો શ્રમયોગી અરજદારની આ રેફરન્સ અરજીને સમયમર્યાદાનો બાધ નડે છે કે કેમ? તે હકીકત સામાવાળા દ્વારા પુરવાર કરવામાં આવેલ છે કે નહી, તે ચકાસવી જરૂરી બને છે. આ કામના અરજદાર દ્વારા તા.૨૪/૧૧/૯૮ ની અસરથી આર્ટ–સી બોડીફીટર તરીકે રેગ્યુલર નિમણુંક આપી ટાઇમસ્કેલની કક્ષામાં મુકી અને તે કક્ષાના કર્મચારીઓને મળતા પગાર, ભથ્થાં તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવાની જે માંગણી કરવામાં આવેલ છે તે બાબતની હાલની આ રેફરન્સ અરજીનો વિવાદ સને–૨૦૧૭ માં ઉપસ્થિત કરવામાં આવેલ છે. આ કામના અરજદારની સૌપ્રથમ આર્ટ–સી બોડીફીટર તાલિમાર્થી તરીકેની પસંદગી તા.૧૭/૧૦/૧૯૯૭ ના રોજ થવા પામેલ. આ પસંદગી આધારે અરજદાર તા.૨૪/૧૧/૧૯૯૭ ના રોજ નોકરીમાં દાખલ થયેલ. ત્યારબાદ, અરજદાર તાલિમાર્થીને તા.૨૫/૧૧/૨૦૦૦ ના મહેકમી હુકમથી હેલ્પરની કક્ષામાં નિમણુંક આપવામાં આવેલ. અરજદાર હેલ્પર તરીકે કામગીરી બજાવી રહેલ હતા તે દરમ્યાન અરજદાર દ્વારા તા.૧૮/૩/૨૦૦૫ ના રોજ નિગમને અરજી આપી તેમની આર્ટ–સી બોડીફીટરની સીધી ભરતીમાં પસંદગી થયેલ છે અને તેઓ ઓટોમોબાઇલ વિષયમાં ડીપ્લોમાં હોય અને મીકેનીક કામગીરીની સારી જાણકારી ધરાવતા હોય આર્ટ–સી મીકેનીકની ખાલી જગ્યા પૈકી કોઇ પણ એક પર નિમણુંક આપવામાં આવે તો તેનો સ્વીકાર કરવા તૈયાર છે અને આર્ટ–સી બોડીફીટરની અસલ પસંદગી સામેનો તેમનો હકક, દાવો કાયમી ધોરણે સ્વેચ્છાએ જતો કરવા તૈયાર છે તેવી રજુઆત કરવામાં આવેલ. આ રજુઆત આધારે નિગમ દ્વારા તા.૨૮/૨/૨૦૦૬ ના મહેકમી હુકમથી અરજદારને આર્ટ–સી મીકેનીકની જગ્યાએ ૩ માસની સમયમર્યાદા પુરતી

હંગામી બઢતી આપવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ, અરજદાર દ્વારા ખાતાકીય બઢતી માટેની પરીક્ષા આપતા અરજદાર તેમાં તા.૩૦/૧૦/૨૦૦૬ પરિપત્ર અન્વયે પાસ જાહેર થયેલ. આ ખાતાકીય બઢતીની પરીક્ષામાં પાસ થતા ક્વોલીફાઇડ ઉમેદવાર તરીકે અરજદારને હંગામી ધોરણે આર્ટ–સી મીકેનીક કક્ષાની હંગામી જગ્યાએ બઢતી આપવામાં આવેલ. આમ, સને–૧૯૯૭ થી સને–૨૦૦૬ સુધીના ૯ વર્ષના સમયગાળા દરમ્યાન અરજદાર દ્વારા તાલીમાર્થી, હેલ્પર, હંગામી બઢતી અને ક્વોલીફાઇડ ઉમેદવાર તરીકે હંગામી ધોરણે નિમણુંકથી ફરજ બજાવવામાં આવેલ. આમ છતાં આ સમય દરમ્યાન અરજદાર દ્વારા કોઇ વિવાદ ઉપસ્થિત કરવામાં આવેલ નહી અને અરજદારને આંક–૫૦ વાળા તા.૨૯/૧૧/૨૦૦૬ ના મહેકમી હુકમથી ક્વોલીફાઇડ ઉમેદવાર તરીકે આર્ટ–સી મીકેનીકની કક્ષામાં હંગામી જગ્યાએ બઢતી આપવામાં આવેલ તેના પણ ૧૧ વર્ષનો સમયગાળો પસાર થયા બાદ અરજદાર દ્વારા હાલનો આ વિવાદ ઉપસ્થિત કરવામાં આવેલ છે. સને–૨૦૦૬ થી સને–૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન અરજદાર દ્વારા નિગમ/પ્રથમ પક્ષકાર સમક્ષ હાલની રેફરન્સ અરજીમાં માંગણી કર્યા મુજબની રજુઆત કરવામાં આવેલ હોય અને તે નિગમ/પ્રથમ પક્ષકાર દ્વારા વિચારણામાં લેવામાં આવેલ ન હોય તેવી કોઇ રજુઆત અરજદાર તરફથી નથી. આથી, આ ૧૧ વર્ષના સમયગાળા બાદ અરજદાર દ્વારા હાલનો આ જે વિવાદ ઉપસ્થિત કરવામાં આવેલ છે તેમાં થયેલ વિલંબ બાબતે અરજદાર તરફથી કોઇ કારણ કે ખુલાસો આપવામાં આવેલ નથી. આથી, એક દશક ઉપરાંતના આ વિલંબને દરગુજર કે નજરઅંદાજ કરી શકાય તેમ નથી. વળી, નામ.ગુજરાત હાઇકોર્ટ દ્વારા પણ આવા ખૂબ જ લાંબા સમયગાળાના વિલંબને હળવાશથી લઇ શકાય નહી તેવી હકીકત વખતો વખત તેમના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. આવા ચુકાદાઓ અત્રે પ્રસ્તુત કરી ધ્યાનમાં લેવા જરૂરી બને છે.

**૧૭.૧** સામાવાળા તરફે નામ.ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો Divisional Controller vs Dharmendrasinh Balbhadrasinh Waghela (SCA No.10977 of 2014 High Court of Gujarat) રજુ રાખેલ છે. આ

ચુકાદામાં નામ.હાઈકોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

however it needs to be observed that, if the concerned employee was right in his assertion that on completion of 180 days, counting from 20.12.1999, he ought to have been granted such benefit, then there was delay of about 12 years in approaching the Tribunal. This aspect should not have been overlooked by the Tribunal. This Court finds that, there is no discussion in that regard in the impugned award of the Tribunal. On this additional ground of delay as well, the respondent workman had dis-entitled himself from getting at least arrears, unless specific reasons to do the contrary are recorded by the Tribunal, which it has not.

**૧૭.૨** સામાવાળા તરફે નામ.ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો Gujarat State Road Transport Corporation vs Maheshbhai Navalshankar Pandya (SCA No.11717 of 2014 High Court of Gujarat) રજુ રાખેલ છે. આ ચુકાદામાં નામ.હાઈકોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

however it needs to be observed that, if the concerned workmen were right in their assertion that on completion of 180 days service, counting from their initial date of engagement as a daily wager/ Badli worker, they ought to have been granted time scale, then there was inordinate and unexplained delay on their part in approaching the Tribunal. The situation in which the concerned workmen moved the Tribunal was such, where the concerned workmen can be said to have bound themselves by the doctrine of acceptance sub silentio, or that, at least the dispute raised was for a stale claim. A question may also crop up, as to whether, under those circumstances, the same could be even termed to be an industrial dispute.

**૧૭.૩** સામાવાળા તરફે નામ.ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો Ghanshyamsinh Pratapsinh Parmar vs Divisional Controller (LPA No.1185 of 2014 High Court of Gujarat) રજુ રાખેલ છે. આ ચુકાદામાં નામ.હાઈકોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ છે કે**,**

11. At the outset, it is required to be noted that after the concerned workmen were put in regular time-scale somewhere in the year 2008, thereafter after a period of 14 years from the date of cause of action ie., in the year 1998, the concerned workmen raised industrial dispute in the year 2012.

13.1 Even otherwise, the question is required to be considered from another angle also. It is required to be noted and it is not in dispute that the concerned workmen claimed benefit of regular time scale w.e.f 1998. However, till they raised an industrial dispute in the year 2012, no grievance was made at all by them. After a period of 14 years, for the first time, while raising demand, they raised a dispute and/or made grievance that they ought to have been granted regular time-scale w.e.f 1998.

**૧૭.૪** સામાવાળા તરફે નામ.ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો Gujarat State Road Transport Corporation vs Prabhatsinh Kalyansinh Solanki & Ors. (SCA No.1312 of 2017 High Court of Gujarat). રજુ રાખેલ છે. આ ચુકાદામાં નામ.હાઈકોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ છે કે**,**

4.3.1 There is an additional factor against the workmen. Their case before the Tribunal was that, they should have been granted regular pay-scale from the year 2001. This grievance is made by them in the year 2013. The delay of more than a decade could not have been ignored by the Tribunal. In this regard reference needs to be made to the decision of the Supreme Court of India in case

of Assistant Engineer, Rajasthan State Agriculture Marketing Board, Sub Division, Kota V/s. Mohan Lal reported in (2013) 14 SCC 543. Para 19 of the said decision is relevant which reads as under :

"19. We are clearly of the view that though the Limitation Act, 1963 is not applicable to the reference made under the ID Act but delay in raising industrial dispute is definitely an important circumstance which the Labour Court must keep in view at the time of exercise of discretion irrespective of whether or not such objection has been raised by the other side. The legal position laid down by this Court in Gitam Singh that before exercising its judicial discretion, the Labour Court has to keep in view all relevant factors including the mode and manner of appointment, nature of employment, length of service, the ground on which termination has been set aside and the delay in raising industrial dispute before grant of relief in an industrial dispute, must be invariably followed."

4.3.2 Reference also needs to be made to the decision of the Division Bench of this Court in Letters Patent Appeal Nos.466 of 2016 and 182 of 2017. It was inter alia observed in the said decisions that delay of about seven to eight years in raising dispute, without any explanation was fatal.

4.4 In the present cases also there is no explanation on behalf of the workmen, qua delay. The above referred decisions would tilt the balance against the respondent workmen in the present case. The respondent workmen had disentitled themselves to claim any relief, on this additional count also.

4.6 Considering the totality, this Court finds that, the respondent workmen are not entitled to the benefits, as claimed by them, on merits, nor the fatal delay on their part could have been ignored by the Tribunal. For both these reasons, the impugned awards need to be quashed and set aside.

**૧૭.૫** આથી, નામ.હાઈકોર્ટના ઉપરોકત પ્રસ્તુત કરેલ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતને ધ્યાનમાં લેતાં હાલના કેસમાં પણ અરજદાર તરફથી હાલનો આ વિવાદ ઉપસ્થિત કરવામાં જે વિલંબ થયેલ છે તે કારણસર પણ અરજદાર અનુસૂચિમાં માંગણી કર્યા મુજબની કોઈ દાદ મેળવવા માટે હકકદાર થતા નથી તેવુ મારૂ નમ્રપણે માનવું છે. જેથી મુદ્દા નં.૨ નો નિર્ણય 'હકારમાં' ઠરાવી, મુદ્દા નં.૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:આખરી હુકમ:-**

**૧.** બીજા પક્ષકાર અરજદાર શ્રી મેહુલગીરી ઉમેશગીરી ગૌસ્વામીનો આ રેફરન્સ (આઈ.ટી) નં.૪૪/૨૦૧૭ આથી નામંજુર કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**Date : 16/07/2026**
**Place: BHAVNAGAR**

**(M.S.BAQUI)**
**MEMBER**
**INDUSTRIAL COURT**
**BHAVNAGAR.**
**JUDGE CODE GJ00683**